Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૫૩ મું :: [illegible]

સંવત ૧૯૯૪ :: માહ :: વીર સંવત ૨૪૬૪

હંસવાહિની



…ય જગ, ઉત્તમ અનુપમ રસરંગ રે;
…રભાવશું, નિજ ભાવશું રંગ અભંગ રે. પ્રણમું૦ ૫

…સ નિજમેં લખે, ન ચખે પરગુણની રેખ રે;
…વિવેક કરે, એ અનુભવ હંસ સુપેખ રે. પ્રણમું૦ ૬

…ય અનુભવે, અનુભવે અનુભવ પ્રીત રે;
…ણી શકે, આનંદઘન પ્રીત પ્રતીત રે. પ્રણમું૦ ૭

…—સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ બહારગામ માટે રૂ ૧-૧૨-૦ બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે.

પુસ્તક ૫૩ મું. અંક ૧૧ મો. | માહ | વીર સં. ૨૪૬૪ વિક્રમ સં. ૧૯૯૪

## अनुक्रमणिका


૧ શ્રી પાર્શ્વજિન સ્તવન ... ... ( સંગ્રાહક સ. ક. વિ. ) ૩૮૪
૨ શ્રીસુપાર્શ્વ તથા પાર્શ્વજિન સ્તવન. (અપ્રસિદ્ધ) ( સં. રાજપાળ મ. વહોરા) ૩૮૫
૩ શ્રી આનંદઘનજીકૃત પદ ૧૦૦ મું વિવેચન સાથે ... ( મૌક્તિક ) ૩૮૬
૪ માન્યતાના ત્રણ પ્રકાર ... ... ... ... ( કુંવરજી ) ૩૯૪
૫ તિથિઓ સંબંધી પ્રથક્કરણ ... ... ... ... ( કુંવરજી ) ૩૯૬
૬ વચનામૃતો ... ... ... ... ... ( સ. ક. વિ. ) ૩૯૭
૭ આપણા પૂર્વજો ને આપણું સ્થાન ... ... ( સ. ક. વિ. ) ૩૯૯
૮ સત્પુરુષોનો કોપ કેવો હોય ? ... ... ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૪૦૦
૯ પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકાર–શા. પુંજીરામ અમથાલાલ–આજોલ ) ૪૦૨
૧૦ સંત( સન્મિત્ર કર્પૂરવિજયજી )નું સ્મારક ( કુલચંદ હરિચંદ દોશી ) ૪૦૫
૧૧ પ્રભાવિક પુરુષો : અભયકુમાર ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૪૦૮
૧૨ રા. રા. જીવરાજભાઇ ઓધવજીને માનપત્ર આપવાનો મેળાવડો. ... ૪૧૩
૧૩ પુસ્તકોની પહોંચ. ... ... ... ... ... ... ૪૧૭
પરચુરણ.—એક અન્યોક્તિ, એક ઉદાર ગુલામ. ચિદાનંદજીકૃત પદ ૨
૩૯૩–૪૦૭–૪૧૨–૪૨૨


## વ્યવહાર કૌશલ્ય

વિભાગ ૧–૨ લેખ ૫૧ તથા ૪૯–૧ ...

... બુક ૧૦૦–૧૦૦
લાભ મળી શકશે.
... સંભવ નથી.

For Private And Personal Use Only

સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૫૩ મું | માહ | અંક ૧૧ મો
વિ. સં. ૧૯૯૪ | | વીર સં. ૨૪૬૪

## શ્રી પાર્શ્વજિન સ્તવન

( શાન્તિ જિન એક મુજ વિનતિ—એ દેશી. )

પ્રણમું પદ-પંકજ પાર્શ્વના, જસ વાસના અગમ અનૂપ રે;
મોહ્યો મન-મધુકર જેહથી, પામે નિજ શુદ્ધ સ્વરૂપ રે. પ્રણમું૦ ૧

પંક-કલંક-શંકા નહીં, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;
ત્રિવિધ અવંચક જોગથી, લહે અધ્યાતમ સુખ-પોષ રે. પ્રણમું૦ ૨

દુરંત દશા દૂરે ટળે, ભજે મુદિતા મૈત્રીભાવ રે;
વરતે નિજ ચિત્ત મધ્યસ્થતા, કરુણામય શુદ્ધ સ્વભાવ રે. પ્રણમું૦ ૩

નિજ સ્વભાવ સ્થિર કરી ધરે, ન કરે પુદ્ગળ ખેંચ રે;
સાખી હુઇ વરતે સદા, ન કરે પરભાવ પ્રપંચ રે. પ્રણમું૦ ૪

સહજ દશા નિશ્ચય જગે, ઉત્તમ અનુપમ રસરંગ રે;
રાચે નહિ પરભાવશું, નિજ ભાવશું રંગ અભંગ રે. પ્રણમું૦ ૫

નિજ ગુણ સબ નિજમેં લખે, ન ચખે પરગુણની રેખ રે;
ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસ સુપેખ રે. પ્રણમું૦ ૬

નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવે અનુભવ પ્રીત રે;
ઓર ન કબહુ લખી શકે, **આનંદઘન** પ્રીત પ્રતીત રે. પ્રણમું૦ ૭

સંગ્રાહક—મુ. ક. વિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (૧) શ્રી સુપાર્શ્વજિન સ્તવન

સાચો દેવ સુપાસજી રે, સાહિબ તું સુલતાન; ગુણના ગેહા.
તુઝસ્યું પ્રીતિ ભલી બની રે, ચંદન ગંધ સમાન; ગુણના ગેહા.
એ તો કહીએ ન કારમી રે, કહીએ ન અળગી થાય; ગુણના ગેહા.
દિન દિન અધિકી વિસ્તરે રે, મહિમાંહે મહકાય; ગુણના ગેહા.
સરસ કથા જે એહની રે, તેહ પવન મઇ સંગ; ગુણના ગેહા.
વાસિત ભવિજન તસ હુવે રે, ચંદન રૂપ સુરંગ; ગુણના ગેહા.
બાવન અક્ષર સાર છે રે, પરમપુરુષસ્યું ગોઠ; ગુણના ગેહા.
ભાવનાચંદન વાસના રે, નામ રહે જયું હોઠ; ગુણના ગેહા.
થિર છ માસનો તે હરે રે, એહને નમતાં રોગ; ગુણના ગેહા.
તેણે અધિક તુમ્હ પ્રીતડી રે, ન લહે પામર લોગ; ગુણના ગેહા.
કરમ ભુજંગ બંધન ઇંહાં રે, વિરુઆ દિસે જેહ; ગુણના ગેહા.
વિરતિ-મયૂરી મોકલો રે, જિમ સવિ છૂટે તેહ; ગુણના ગેહા.
મુઝ પાસે એક મંત્ર છે રે, ગારુડી પ્રવચન સાર; ગુણના ગેહા.
કહો તો તેણે બંધન હરું રે, દેવ કરો જો સાર; ગુણના ગેહા.
પ્રીતિ તે ચંદન વાસના રે, વાસિત મોરું મન; ગુણના ગેહા.
તુમે તો મલયાચલ સમા રે, વાચક **જસ** કહે ધન્ન; ગુણના ગેહા.

### (૨)

પાસજી હો પ્રભુ, પાસજી માહરા દેવ,
સુણીએ હો પ્રભુ, સુણીએ માહરી વિનતિજી;
કહીએ હો પ્રભુ, કહીએ સઘળી વાત,
મનમાં હો પ્રભુ, મનમાંહી જે બહુ દિન હુતીજી. ૧
તુઝ વિના હો પ્રભુ, તુઝ વિના દૂજો દેવ,
માહરે હો પ્રભુ, માહરે ચિત્ત આવે નહીંજી;
ચાખ્યો હો પ્રભુ, ચાખ્યો અમીરસ જેણ,
બાકસ હો પ્રભુ, બાકસ તસ ભાવે નહીંજી. ૨
દરિસન હો પ્રભુ, દરિસન વાલ્હું મુઝ,
તાહરું હો પ્રભુ, તાહરું જેથી દુઃખ ટળેજી;
ચાકર હો પ્રભુ, ચાકર જાણો મોહી,
હઇડું હો પ્રભુ, હઇડું તો હેજે હળેજી. ૩
તુઝસ્યું હો પ્રભુ, તુઝસ્યું મન એકંત,
ચાલ્યો હો પ્રભુ, ચાલ્યો કોઇથી નવિ ચળેજી;
અગનિ હો પ્રભુ, અગ્નિ પ્રલય પ્રસંગ,
કંચન હો પ્રભુ, કંચનગિરિ કહો કીમ ગળેજી? * ૪ (શા. મ. વ્હોરા)

* આ કૃતિ અપૂર્ણ જણાય છે. છેલ્લી કડીમાં કર્તાનું નામ પણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીઆનંદઘનજીકૃત પદ ૧૦૦ મું

**અવસર મળ્યો છે. : : તક ન ચૂકો.**

( રાગ આશાવરી )

બેહેર બેહેર નહિ આવે, અવસર બેહેર બેહેર નહિ આવે;
જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જનમજનમ સુખ પાવે. અવસર૦ ૧
તન ધન જોબન સબ હી જૂઠો, પ્રાણ પલકમેં જાવે. અસવર૦ ૨
તન છૂટે ધન કૌન કામકો ? કાયકું કૃપણ કહાવે ? અવસર૦ ૩
જાકે દિલમેં સાચ બસત હે, તાકું જૂઠ ન ભાવે. અવસર૦ ૪
**આનંદઘન** પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે. અવસર૦ ૫

૧. અવસર ફરી ફરીને આવતો નથી, તક વારંવાર પ્રાપ્ત થતી નથી તેથી જ્યારે તે મળે ત્યારે ભલાઈ કરી લે, જેથી જન્મોજન્મ સુખ પામ.

૨. શરીર, પૈસા અને જુવાની—એ સર્વ ક્ષણિક છે અને પ્રાણ તો ક્ષણમાત્રમાં ઊડી જાય તેવા છે.

૩. ( અને ) શરીર છૂટી પડશે-પડી જશે, પછી પૈસા શા કામના છે ? ( માટે ) શા સારું કંજુસ ( છો એવું ) કહેવરાવે છે ?

૪. જેના મનમાં સત્ય વસ્તુ જામી ગઇ હોય છે તેને જૂઠી ( અસત્ ) વાત ગમતી નથી.

૫. ( તે ) ચાલતે પંથે આનંદપુંજ પ્રભુને સમરી સમરીને ( તેના ) ગુણ ગાય.

---

૧. બેહેર-ફરી વાર. બેહેર બેહેર-ફરીફરીને. અવસર-તક, વખત. જ્યું-જેમ. ત્યું-તેમ. જાણે-મળે. ભલાઇ-સારું કામ. જનમજનમ-જન્મોજન્મ. પાવે-મેળવે.

૨. જોબન-જુવાની, યુવાવસ્થા. જૂઠો-મિથ્યા, ક્ષણિક. પ્રાણ-ઇંદ્રિય, આયુષ્ય, શ્વાસ, ભાષા, ને મન. પલકમેં-ક્ષણમાત્રમાં. જાવે-ચાલ્યા જાય તેવા છે, ચાલ્યા જવાના છે.

૩. છૂટે-છૂટયે, નાશ પામી ગયા પછી, પડી ગયા પછી, કૌન-શા ? કામકો-કામનો, ઉપયોગનો. કાયકું-શામાટે ? કૃપણ-મુંજી, ધન સંઘરી રાખનાર, તેને ન ખરચનાર મેથી, કૃપણ. કહાવે-કહેવરાવે છે.

૪. જાકે-જેનાં. દિલમેં-મનમાં. બસત હે-બેસે છે, જચે છે. તાકું-તેને. જૂઠ-ખોટી વાત, ખરાબ હકીકત, અસત્ વસ્તુ. ભાવે-ગમે.

૫. ચલત-ચાલતા, સગિયાસ. પંથમેં-માર્ગમાં, રસ્તામાં. સમરીસમરી-યાદ કરી યાદ કરી સ્મરણ કરી ( વારંવાર ). ગાવે-ગાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિશેષાર્થ :—

આ પદ વ્યવહારિક છે, પણ એનાથી અંતરમાં એક અતિ મહત્ત્વનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. નીચેની હકીકત ખાસ વિચારવા યોગ્ય છે. એટલી પ્રસ્તાવના કરી આપણે જીવનનું ટૂંકું સરવૈયું વિચારીએ.

ભાઈ ! તારે શું ઓછું છે ? આવો સુંદર દેહ મળ્યો છે. તારું શરીર સારું છે. એકંદર તને વ્યાધિની ઉપાધિઓથી રહિતપણું મળ્યું છે. તને સારી કેળવણી મળી છે, તું સાચા–ખોટાનો વિવેક કરી શકે તેટલી તને બુદ્ધિશક્તિ પ્રાપ્ત થઇ છે અને તને અનેક પ્રકારની અનુકૂળતાઓ મળી છે.

બીજી રીતે જોઇએ તો આ મનુષ્યનું શરીર–મનખા દેહ મળવો પણ ભારે મુશ્કેલ છે. કોઇ ઘોડો કે બળદ થયો હોત તો ભાર ખેંચી ખેંચીને તારો દમ નીકળી જાત, વાંદરો થયો હોત તો ઝાડે ઝાડે કુદકા મારત, ગધેડો થયો હોત તો ડફણાં ખાત અને કુતરો થયો હોત તો ટુકડા સારુ પુંછડી હલાવત; પણ એમાં વિચારશક્તિનો, પૃથક્કરણશક્તિનો કે ગ્રહણશક્તિનો કાંઇ ઉપયોગ કરી શકત નહિ. પરવશ જીવન, બોલવાની અશક્તિ, સાધનના લાભ લેવાની અશક્યતા આદિ અનેક અગવડોમાં પડી તું ગમે તેમ જીવન પૂરું કરત.

અથવા કોઇ હલકી જાતિમાં જન્મ્યો હોત તો ક્લેશમય જીવન પૂરું કરત. જે જીવનમાં આદર્શ નહિ, માનસનો વિકાસ નહિ, સંયોગોની અનુકૂળતા નહિ, હૃદયરંગને અવકાશ નહિ, ત્યાં જીવન પૂરું કરવાનો જ સવાલ હોય છે. એમાં કાંઇ મોજ આવે નહિ, પ્રગતિ થાય નહિ અને આવ્યા તેવા ચાલ્યા જવાનું જ થાય.

તારે તો સુંદર દેહ મળ્યો, સુંદર દેશ મળ્યો, વિચારશક્તિ મળી અને તને પસંદ આવે તેવા અનેક સંયોગો મળ્યા. તે સર્વ તું વિચારી જો, ગણી જો અને તેનો સરવાળો કર. કદાચ તને એકાદ બે બાબતની ખોટ હશે તો તે ખોટ ઉપર ધ્યાન ન આપતાં તને કેટલી અનુકૂળતા મળી છે તે વિચારી જો. જનસ્વભાવ નિરંતર ક્લેશને આગળ કરનારો હોય છે. એ બીજા કરતાં પોતાને કંઇ બાબતોમાં અલ્પતા છે એ સંભારી સંભારી કકળાટ કરે છે, એ ભૂતકાળને પ્રશંસે છે અને વર્તમાનને નિંદે છે. તેમજ બીજાની હવેલી જોઇ બળી મરે છે, એ અન્યની લક્ષ્મી જોઇ દાઝ્યા કરે છે. એ ગયા વર્ષ કરતાં આ વર્ષમાં થોડા ઓછા રૂપિયા પેદા કર્યા હોય તો કકળી ઊઠે છે. પણ આ સર્વ કુરીતિ છે, ખોટો માર્ગ છે. આત્મવંચના છે. ખરી વાત પોતાની ઓછપોને આગળ કરવાની ન હોય, પોતાની અનુકૂળતાઓને સમજવાની હોય અને તે પર જ પોતાની મદાર બાંધવાની હોય.

એ રીતે તું તારી અનુકૂળતાઓ વિચારીશ તો પાનાનાં પાનાં ભરાય એટલી વાતો તને જડશે. એ જે હોય તેને મોટી માન. ખૂબ માન અને વિચાર કે દરિયાનું કુલ પાણી તારે ઘેર આવે તેમ નથી; અને દરિયાનું કુલ પાણી તારું નથી. તારા ઘડામાં પાણીને રાખવાની જેટલી શક્તિ હશે તેટલું જ પાણી તું સમુદ્રમાંથી ભરી શકીશ, વધારેની ઇચ્છા કરવી એમાં મૂર્ખતા છે અને વધારે મળશે એમ ધારવું એ અંધતા છે. તારે તો તારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડાની શક્તિ ઉપર જ ખ્યાલ રાખવાનો છે. આટલું માનશ તો તને પૂર્ણ મજા આવશે અને તારો જીવનમાર્ગ ખૂબ સરળ થઇ જશે. તું એમ ધાર કે આખો સમુદ્ર તારે ઘેર આવી પહોંચ્યો, તો તેને રાખવાની તારી પાસે જગ્યા છે? તું એને જાળવી શકે ખરો? તું એને પચાવી શકે ખરો? માટે ખાલી મૂર્ખપણું છોડી દે અને તારું જે છે તે સમજી તેમાં આનંદ માન, તને મળેલી તકનો ઉપયોગ કર, તારો પાઠ ભજવ અને તેડું આવે ત્યારે આનંદમાં ગાન કરતો અને સોઽહં સોઽહંના ઉચ્ચાર કરતો ઊંચે ચઢી જા. ઉપર જવાનો એ માર્ગ છે અને કકળાટ કરવામાં તો નીચે જ જવાનું છે. અંતરમાંથી અનાહત નાદ ઊઠતા હોય, હાથમાં સારંગી કે દિલરૂબા હોય અને મોજ માણતાં, ભક્તિ કે વૈરાગ્યના પદનું ગાન ગાતાં અહીંથી સીધા ઉપર ચાલ્યા જવાય એ વાત તને મોહક નથી લાગતી? જો લાગતી હોય તો આ નીચે જણાવેલો માર્ગ સ્વીકાર અને નકામો કચવાટ કે કકળાટ છોડી દે.

૧. તું બરાબર સમજી લે કે અત્યારે જેવી તક તને મળી છે તેવી વારંવાર હાથ આવતી નથી. તું ખરો કે શિયાળ થયો હોત તો ત્યાં શું કરવાનો હતો? અથવા ગધેડો કે બળદ થયો હોત તો શું કરત? તારે આખો દિવસ મજૂરી કરવી પડત અને છતાં તારું એક પણ કાર્ય તારે પોતાને સ્વાધીન રહેત નહિ. ઘેટાની ઇચ્છા હોય કે ન હોય તો પણ તેના પરનું ઊન અમુક વખતે ઉતારી લેવામાં આવે છે. ઘોડો કે બળદ ઇચ્છે કે ન ઇચ્છે પણ જ્યારે તેના પર ધુંસરી પડે કે સામાન ચઢે એટલે એને ભાર વહન કરવો જ પડે છે. ખાવાની ઇચ્છા થાય ત્યારે વસ્તુ મળે નહિ, સખ્ત તરસ લાગી હોય તો પાણીનું ઠેકાણું નહિ. આ દશા અન્ય જીવનમાં છે. અને એ ઉપરાંત તને વિવેકશક્તિ સાંપડી છે. તું સારું-ખોટું, હિતાહિત પારખી શકે છે, તું પ્રાચીન અનુભવોનો લાભ લઇ શકે છે, તું જીવનની ચંચળતા જોઇ જાણી શકે છે અને તારું વાસ્તવિક નિરંતરનું સુખ શું છે અને ક્યાંથી મળી શકે તેમ છે તે તોળવાની તારામાં શક્તિ આવેલી છે, તો ભાઇ! આવો અવસર ફરી ફરીને મળશે નહિ. અત્યારે તારે જે જોઇએ તે સર્વ છે. જે છે તે સર્વનો સરવાળો કરીશ તો તને પોતાને જ નવાઇ લાગશે. આવો મનખા દેહ, શરીરની સ્વસ્થતા, મગજની સ્વચ્છતા અને ઇંદ્રિયોનું સૌષ્ઠવ તને પ્રાપ્ત થયાં છે. આવો અવસર વારંવાર મળતો નથી. શાસ્ત્રમાં દશ પ્રસિદ્ધ દૃષ્ટાંતો કહેલાં છે. મનુષ્યભવ મળવો કેટલો દોહીલો છે તે તેં તે દૃષ્ટાંતો પરથી જાણ્યું છે. એ તો અનેક ભવ ભમતાં નદીગોળપાષાણન્યાયે તને મળી ગયો છે. હવે જ્યારે મળ્યો છે તો તેનો લાભ લે. મળેલ લાભને ગુમાવ નહિ, જીતવા યોગ્ય બાજી હારી જા નહિ. પછી પસ્તાવો થશે તો તે પણ નકામો જશે. હજુ તારા હાથમાં બાજી છે, માટે તું સમજી લે કે આવો અવસર ફરીફરીને મળવો મુશ્કેલ છે. આ મળેલ અવસરનો લાભ કેવી રીતે લેવો તેનું તને એક નાનું સરખું સૂત્ર બતાવીએ. જે વાત હજારો ગ્રંથમાં બતાવી છે તેનો ટૂંકો સાર કરીને તને જણાવવામાં આવે છે તે તું ધારી લે.

અવસરનો લાભ લેવાનું મુદ્દાનું સૂત્ર એ છે કે જેમ બને તેમ-જેટલું બને તેમ અને તેના પ્રમાણમાં સત્કાર્ય કર. દુનિયામાં સત્કાર્ય કરવા જેવો બીજો લાભ નથી. તું ગમે તે

For Private And Personal Use Only

સંયોગામાં હો. સાંઝ ... હો કે શેઠ હો, સોદાગર હો કે ભિખારી હો, નોકર હો કે કમાલ હો–ગમે તે હો; જ્યાં અને જે સંયોગામાં હો ત્યાં ભલાઇ કર. ભલું કરવું, ભલાઈ કરવી, નમ્રતા દાખવવી એ તારાથી થઇ શકે તેવી બાબત છે. એક પ્રાણી કેટલું ભણેલો છે કે કેવો જ્ઞાની છે એ મહત્ત્વની બાબત નથી, પણ એ અન્યનું ભલું કરવામાં પોતાનો કેટલો ફાળો આપે છે એ ખાસ ઉપયોગી બાબત છે, એના સાચાપણાનો મુદ્દામ પુરાવો છે અને એની જીવનયાત્રાની સફળતાનું અચૂક એંધાણ છે. અને જો ! ભલાઇ કરવામાં પૈસો બેસતો નથી. વાત માત્ર એટલી છે કે તારે તારા પોતાનાં સુખ–સગવડનો વિચાર ન કરવો, અન્યને માટે જે બની શકે તે કર અને છેવટે કાંઇ નહિ તો કોઇને નુકસાન તો ન જ કર. આટલું કરીશ તો પણ તેં ' ભલાઈ ' કરી ગણાશે. તારાથી બને તો ' ભલું ' પણ બીજાનું કર, પણ તેમ કરવાની તને અનુકૂળતા ન હોય તો ' ભલાઇ ' તો જરૂર રાખ. અને એટલું કરીશ એટલે જનમોજનમ તને સુખ મળશે. આ ભવમાં તને શાંતિ રહેશે અને તારો આત્મા એવો લાઇનસર થઇ પ્રગતિના માર્ગ પર ચઢી જશે કે તને ભવાંતરમાં પણ સુખ પ્રાપ્ત થશે.

આત્મસુખની ખરી વ્યાખ્યા એ જ છે કે એનો વિકાસમાર્ગ સરખો અને સરળ કરી દેવો. ભલાઇ કરવાથી એની પ્રગતિ વધારે ન થાય, તો પણ એનો વિકાસમાર્ગ તો બરાબર રીતસરનો થઇ જાય છે અને એક વાર સાચે રસ્તે ચેતનજી ચઢયા એટલે પછી બહુ અગવડની વાત રહેતી નથી. જનમોજનમ સુખ વધતું જ જાય છે અને છેવટે શાશ્વત સુખ પણ એ માર્ગે આગળ વધતાં પ્રાપ્ત કરે છે; માટે બીજી સર્વ આળપંપાળ છોડી દઈ **ભલાઇ** કર. એમ કરવામાં તને કોઈ નિર્બળ કહે, ડીચકારો કે બાયલો કહે તો ગભરાઇશ નહિ. સુખ પ્રાપ્ત કરવાની તને ચાવી બતાવી છે અને એ માર્ગ અવિચ્છિન્ન હોઇ છેવટે સાધ્ય સુધી પહોંચાડનાર છે; માટે ભલાઇ કર અને મળેલ અવસરનો લાભ લઈ લે.

**૨.** તું બરાબર વિચાર કરીશ તો તારો આ દુનિયા સાથેનો સંબંધ પાકા પાયા પર કરાવનાર ત્રણ ચીજ છે: સર્વથી પ્રથમ વધારે આસક્તિ કરાવનાર તારું પોતાનું શરીર છે, બીજું તારું જોર પૈસા ઉપર છે અને ત્રીજું અત્યારે તું જુવાનીના રંગમાં મસ્ત થઇ ગયો છે.

તારે બને તેટલી મોજ માણવી છે, તારી પાસે પૈસા સંબંધી જેટલી અનુકૂળતા છે તેટલાનો તારે ઉપયોગ કરવાનો છે અને જુવાનીના જોરમાં તારે કામદેવની સેવા કરવી છે; પણ જે ત્રણ વસ્તુ પર તું મુસ્તકીમ બન્યો છે એ કેટલી વાર ટકશે તેનો વિચાર કર્યો છે ?

તારા કેટલા સ્નેહીઓ ગયા ? તારા કેટલા સગાઓ ગયા ? જેની સાથે રમ્યો, હર્યો, ફર્યો, ખેલ્યો તેમાંના કેટલાએ ચાલ્યા ગયા ! ત્યારે તું બેસી રહીશ ? અને પૈસા તો આજે હશે તો કાલે નથી. એ તો તું જરા આંખ ઉઘાડીને જોઇશ તો દેખી શકાશે. એક વાર દુર્બુદ્ધિ થતાં કડભૂસ થઇ જશે અને પછી તો કાંઇ ઠેકાણું નહિ રહે. પછી ' ગરથ વગરના ગાંગલા ' થઇ જવાશે. કેટના પૈસા ગયા તો તારી નાનકડીશી પૂંજી તે શા હિસાબમાં ? અને કુદરત વીફરે કે નસીબ ફરે છે ત્યારે આસામીના ' સામી ' ( સ્વામી–બાવા ) થતાં વાર લાગતી નથી. વળી જુવાનીનો ચટકો તો ચાર દહાડાનો છે. અને પછી તો ' ચડપણ કોણે મોકલ્યું ? '–

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળી વાત થશે. જુવાની તો દિવાની છે અને ચાર દહાડાનું ચાંદરણું છે. થોડાં વર્ષ જવાદે તો પણ એ તો જવાની છે અને અહીં વધારે રહીશ તો અંતે ટાંટીઆ ઘસડવાનો વારો આવવાનો છે.

અરે ! તન, ધન અને જોબનની તો શી વાત કરવી ? પણ ખુદ જીવન પણ પલક વારમાં ચાલ્યું જશે. સાથે વાત કરીને છૂટા પડ્યા અને ઘેર પહોંચ્યા ત્યાં સાંભળ્યું કે ફલાણા ભાઈનું હાર્ટફેલ થઈ ગયું ( હૃદય બંધ પડી ગયું. ). દરરોજ છાપામાં તું એવા થોડા કેસ વાંચે છે ? ત્યારે તું જેના પર મક્કમ રહે છે તે જીવન પણ અનિત્ય છે તો પછી અત્યારે જે અવસર મળ્યો છે તેનો લાભ લઈ લે. એ તન, ધન, જોબન અને પ્રાણ પણ અંતે તો જવાના જ છે, ત્યારે એવા આકડાના માંડવા પર તે કાંઈ આધાર રખાય ? અને એને ભરોંસે પડ્યા રહેવાય ? એ તો કાચો ઘડો છે અને કાંકરો લાગતા ફૂટી જાય તેવો છે. એનો શો વિશ્વાસ કરવો અને તને તો અનેક વાર તક મળી છે, પણ તું તક ખોઈ બેઠો છે. પરંતુ આ વખતે તો મળેલી તકને ઓળખ અને પહેલેથી જ એનો બને તેટલો લાભ લે. તક કાંઈ વારંવાર મળતી નથી અને મળે ત્યારે પ્રથમથી ઓળખાતી નથી. આ તક તો તું ઓળખી શક્યો છે તો એનો પૂરતો લાભ લે. વળી આવા કાચા શરીર, નશ્વર ધન અને જુવાનીના ભરોસે ન રહેતાં એનો પણ બનતો લાભ લે. અંતે જવું છે ત્યારે ગાન ગાતાં અને મોજ ઉડાવતાં જઈએ એવું કર. આવો અવસર ફરીફરીને–વારંવાર નહિ મળે.

૩. તું એક દૃષ્ટિબિન્દુથી વિચાર, તો તારી ઘણી ગુંચવણ નીકળી જશે. તને એટલું તો સમજાય છે કે શરીર તો છૂટવાનું જ છે. ગમે તેટલા વર્ષ રહે, કદાચ સો એ સો વર્ષ પૂરા કરશે તો પણ અંતે જવાનું નક્કી જ છે. ત્યારે તે વખતે સર્વ પૈસા તો અહીં છોડી જવા પડશે. અંતે છૂટવાના છે તો પછી તેનો અત્યારથી તું વિચાર કેમ કરતો નથી ? વાંદરાને પકડવા જાય ત્યારે ગાગરમાં બોર ભરે, વાંદરો મુઠ્ઠી ભરે, છોડે નહિ, ગાગરે પોતાનો હાથ પકડી રાખ્યો છે એમ માને, પણ જ્યારે ગળામાં હાંસડી પડ્યા પછી મદારીનો એક કોરડો વાગે કે હાથ છૂટી જાય છે તેમ તારો ધન પરનો મમત્વ આખરે જમરાજનો કોરડો ફાટશે ત્યારે તો છૂટી જ જવાનો છે. તો પછી અત્યારે ખાતો નથી, આપતો નથી, વાપરતો નથી અને દુનિયામાં કૃપણ, મુજી, કોસરીઓ કહેવાય છે અને કેટલીક વાર તો લોકો સવારમાં તારું નામ લેતાં પણ સંકોચાય છે–એ તે તારા કયા ડહાપણની વાત કહેવાય ? અંતે જવાનું છે, છોડવાનું છે; તો અત્યારે તેનો સદુપયોગ કર. સારી રીતે તેમાંથી પરોપકાર કર. તારી અનુકૂળતા પ્રમાણે તેનાથી લોકોપયોગી કાર્ય કર અને અત્યારે સાંપડેલી તકનો લાભ લે. જેટલા ધનનો સદુપયોગ કરીશ તેટલું સાથે આવશે. બાકી અહીં સોનાના ડુંગર મૂકીને જઈશ તો પછવાડે કાંઈ આવવાનું નથી અને દીકરા આભાર માનવાના નથી.

પૈસા મળ્યા હોય તો તેના ઉપયોગમાં વિવેક રાખજે. જરૂર હોય ત્યાં અનન્તઃ હિત માટે તેનો ઉપયોગ કરજે. ભરેલાને ભરાવે ... થી એ અકર્તીઓ અને અંતે આપનારની અક્કલનો ... થાય, માટે ... સમજી વાપરજે. ... માં ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વારને હજાર ગણે તેમ વાપરજે અને મળેલ નરેતા પેટ સહીને લાભ લેજે. યાદ રાખજે કે આવા અવસર વારંવાર આવતા નથી.

અહીં જે વાત કરી છે તે ખૂબ વિચારજે. પૈસા હોય તો કંઈ દેવાના નથી, પણ જો તું એને ગોંધી રાખીશ. તો અંતે તો એ ગમે તે રીતે જશે. કાં તો ચોર ચોરી જશે, કાં તો તારો દેવાદાર દેવાળું કાઢશે, કાં તો છોકરો કુપાત્ર નીવડશે અને કાં તો તને શેર, ચાંદી, રૂ કે બીઆંનો સટ્ટો કરવાનું મન થઈ આવશે. નકામાં તો ' કૃપણ ' કહેવાઈશ, તારું નામ લેતાં પણ ભદ્ર લોકોને સંકોચ થશે; માટે શા સારુ આ સર્વ પીડા વહોરી લે છે? ડહાપણ હોય તો ધનનો લાભ લે, એનો પરોપકારનાં કાર્યમાં વ્યય કર અને ખોટી કરકસર કર નહિ. પૈસાનો સામાન્ય ઉપયોગ ભોગ છે—એ સ્વાર્થી છે, બીજો ઉપયોગ દાન છે, એમાં જો પ્રેમપૂર્વક પાત્રને અપાય તો એકના હજાર ઊગી નીકળે છે અને એ વ્યય પરાર્થી હોઈ પ્રશસ્ય છે. એ બે રીતે ધનનો ઉપયોગ નહિ કરવામાં આવે તો એનો નાશ ચોક્કસ છે, માટે અવસર ચૂકીશ નહિ, અને યાદ રાખજે કે પૈસા સન્માર્ગે પ્રેમથી અને કીર્તિની કે પ્રશંસાની આકાંક્ષા વગર ખરચાયા હોય તેને ત્યાં અત્યાર સુધી કદી ખોટ આવી નથી, માટે મળ્યું હોય તો સત્ સ્થાને સત્પાત્રમાં વાપર. સાચે રસ્તે વાપરેલ ધન કદી ખૂટતું નથી અને આદર્શ ભાવના કે પરપ્રેમ વગરનું જીવન નિરર્થક છે; માટે યાદ રાખ કે આવો અવસર વારંવાર મળવાનો નથી અને અત્યારે તક ખોઈ બેઠો તો પછી મોંડા મોડા પસ્તાવો થાય તો તે પણ નકામો છે.

૪. જેના મનનાં સાચ–સત્ય જામી ગયું હોય છે તેને જૂઠું ગમતું જ નથી, તેના તરફ તેને ઘૃણા રહે છે, અને કુદરતી રીતે જ તેને જૂઠ તરફ ઓકારી આવે છે. સાચને કોઈ વાતની કે કોઈ વ્યક્તિની આંચ લાગતી નથી અને આખરે ' સાચ ' નો જ વિજય થાય છે. સાચ તરફ જેને પ્રેમ હોય તેને અગાઉ પોતે શું બોલેલ હતો તે યાદ કરવાની કે જવાબ દેતી વખતે વિચાર કરવાની જરૂર રહેતી નથી. એક વાર સાચ ઉપર પ્રેમ થઈ ગયો ત્યારપછી તેના વાતાવરણમાં પણ સત્ય જામતું જાય છે અને છેવટે વાત એટલે સુધી બને છે કે એના વાતાવરણમાં પણ **સત્ય** જામી જાય છે. એ પોતે તો જૂઠું બોલે નહિ કે જૂઠું કામ કરે નહિ, પણ એની આસપાસ જે પ્રાણી આવે તેને પણ સાચની છાયા અસર કરે છે. આ માનસવિદ્યાનો અદ્ભુત પ્રયોગ છે અને એ આપણા ઋષિમુનિઓની જાણમાં હતો.

અહીં સાચ અને જૂઠ શબ્દોનો ઉપયોગ થયો છે તે માત્ર વચનવ્યવહાર પૂરતો છે એમ જાણવાનું નથી. સાચ અને જૂઠ એ ચારિત્રના અર્થમાં વપરાયા જણાય છે, એટલે એક વખત જે પ્રાણીના દિલમાં સચ્ચારિત્રની ભાવના બરાબર જામી ગઈ હોય તેને કોઈ જાતનું દુરાચરણ કરવાનું કે કુવિચાર કરવાનું મન જ થતું નથી. એટલે કહેવાની વાત એ છે કે તને અત્યારે બરાબર અવસર મળ્યો છે તો તું તારું આખું જીવન એવું સાચમય કરી દે કે એમાં અસદ્ આચરણને સ્થાન જ ન રહે. સત્યમય જીવનની બલિહારી છે. પાતંજલ યોગકાર કહે છે કે **सत्यं प्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम्** ( ૨–૩૬ ) એટલે એક પ્રાણીમાં જ્યારે સત્ય બરાબર જામી જાય ત્યારે ક્રિયા ( action ) અને ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( fruition ) એને આધીન થઇ જાય છે. આપણે જેને ' વચનસિદ્ધિ ' કહીએ છીએ તે દશા તેને સહજ પ્રાપ્ત થઇ જાય છે. ' બચ્ચા ! તેરા અચ્છા હોગા '–આટલા વચનમાત્રથી સારું થાય છે. આ વાત માનસવિદ્યાથી સિદ્ધ થઇ શકે તેવી છે.

વચનસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે નહિ, પણ જીવન સફળ કરવા માટે સત્યનો દિલમાં વાસ કરાવવાની જરૂર છે. વચનસિદ્ધિ તે તેનું અનિવાર્ય પરિણામ છે. એક વાર સાચી વસ્તુ ગમી એટલે પછી જૂઠી વાત તરફ મન નહિ જાય. અત્યારે બરાબર અવસર મળ્યો છે તો જીવન એવું કરી દે કે પછી એનો માર્ગ સરળ થઇ જાય અને એ સીધે રસ્તે જ ચાલ્યા કરે. આવો અવસર વારંવાર મળતો નથી અને મળેલી તક ગુમાવવી એમાં ડહાપણ નથી.

૫. તું ગમે તે પંથમાં હો, વિકાસ માર્ગમાં ગમે તેટલો આગળ વધ્યો હો, તારી ગમે તે વર્ણ કે જાતિ હો, તું તારા ચાલતા માર્ગે આનંદઘન પ્રભુને સ્મર. તારો આનંદ શું છે ? ક્યાં છે ? કેવી રીતે પ્રાપ્ય છે ? તેનો વિચાર કર અને આ મળેલી તકનો લાભ લે. તું મજૂરી કરતો હો કે મોટરમાં ફરતો હો, તું શેઠ હો કે નોકર હો, તું ઝાડુ કાઢનાર હો કે લશ્કરની ટુકડીનો સરદાર હો–તું ગમે તે જ્ઞાતિ, વય, ધર્મ કે વ્યવસાયવાળો હો, પણ તું આત્માનંદને ઓળખ, એમાં રસ લે અને તારા અંતરમાં રહેલા પ્રભુને સ્મર, એનાં ગુણગાન કર, એમાં મનને પરોવી રાખ અને પછી તું મોજ માણ.

તારે કોઇ રીતે પાછા પડવાનું નથી, કોઇ ગભરાટમાં મુંઝાવાનું નથી, કોઇ રીતે ગભરાવાનું નથી. આનંદઘન પ્રભુના સ્મરણનો તારો અધિકાર સદૈવ જાગતો છે, એના પર તારો જન્મસિદ્ધ હક્ક છે અને એ તારા કબજાનો વિષય છે. તારે તો એક જ વાત વિચારવાની છે કે આંતરઆનંદને ઓળખવાનો, ભોગવવાનો અને માણી લેવાનો આવો અવસર વારંવાર મળવાનો નથી અને મળે ત્યારે તેને બરાબર ભોગવી લેવામાં તને સર્વ પ્રકારે લાભ છે, મોજ છે. એમાં તારા જીવનનો વિકાસ છે. સાંપડેલ તકનો લાભ છે અને જીવનનું સાફલ્ય છે.

અહીં ' ચલત પંથ ' એટલે વિકાસનું પદ સમજવું. દરેક વ્યક્તિ–વિકાસના જુદા જુદા સોપાન પર સ્થિત હોય છે અને પ્રયત્ન દ્વારા આગળ વધી શકે છે. તકનો લાભ લેવા હોય ત્યારે પોતે વિકાસને કયે પગથિયે છે તે પર ધ્યાન આપવાની જરૂર નથી. આપણે જે હોઇએ, જ્યાં હોઇએ, જેવા હોઇએ તેવા આપણે મળેલ તક અનુસાર આનંદ–આત્માનંદ–સહજાનંદ રસના ઘુંટડા પી શકીએ છીએ, પીવા જેટલી શક્તિ ન હોય તો એ રસાત્મા આનંદઘન પ્રભુનું સ્મરણ કરી શકીએ છીએ અને તે રીતે આપણો વિકાસ સાધી શકીએ છીએ. મળેલી તકનો ઓછામાં ઓછો લાભ એટલો તો લેવો જ જોઇએ કે આપણે આનંદપ્રભુનું નિત્ય સ્મરણ કરીએ છીએ.

ગુણગાન કરવાથી આદર્શ સન્મુખ રહે છે. આદર્શ સન્મુખ હોય તો તેને પહોંચવા પ્રયત્ન થાય છે અને એમ કરતાં ક્રમસર સાધક આદર્શને પહોંચી શકે છે.

For Private And Personal Use Only

માટે અત્યારે જે તક મળી છે તેનો લાભ લઈ ખૂબ મોજ માણ, આનંદ રસને આસ્વાદ. એ રસાત્મતાને સમજ અને તન્મય થવા નિર્ણય કર. યાદ રાખજે કે આવા અવસરો વારંવાર મળતા નથી. ચિદાનંદજીએ પુદ્ગલગીતામાં કહ્યું છે કે '**વાર અનંતી ચૂક્યો ચેતન, ઇણ અવસર મત ચૂક**–' એટલે આ ચેતનજીને અનેક વાર તકો તો જરૂર મળી છે. પણ જ્યારે અવસર આવે ત્યારે આ ભાઈસાહેબ મોળા પડી જાય છે અને પછી તો '**લગન વેળા ગઈ ઊંઘમાં, પછે ઘણો પસ્તાય.**' એના જેવી વાત થાય છે. અવસર આવે ત્યારે બીજા કામમાં પડી જાય છે અથવા આડા કામમાં ઉતરી જાય છે એટલે મળેલી તક ગુમાવી નાખે છે.

એકંદરે અત્યારે જેટલી અનુકૂળતાઓ તને મળી છે તેનો પૂરતો લાભ લેવા જેવું છે. એનો જેટલો લાભ લઈશ તેટલો આત્મવિકાસ થશે અને એમાં તને ખરી મજા છે. તારી સાથે જો કોઈ પણ ચીજ આવે તેવી હોય તો તે તારો વિકાસ છે. આત્મા જેટલો ઉન્નત થયો હશે તેટલો પંથ કપાણો–રસ્તો ઓછો થયો અને સાધ્ય સન્મુખ થવું એ તો ઉઘાડી વાત છે, એટલા માટે આવા અવસર વારંવાર આવતો નથી તેથી તેનો બને તેટલો લાભ લે.

**મૌક્તિક**

# એક અન્યોક્તિ

साधुभ्यः साधुदानं रिपुजनसुहृदां चोपकारं कुरु त्वम्,
सौजन्यं बंधुवर्गे निजहितमुचितं स्वामिकार्यं यथार्थम् ।
श्रोत्रे ते तथ्यमेतत् कथयति सततं लेखिनी भाग्यशालिन् !,
नोचेन्नष्टेऽधिकारे मम मुखसदृशं तावकास्यं भवेद्धि ॥ १ ॥

કાને ચડાવેલી કલમ પોતાના સ્વામીને ( માલિકને ) ઉદ્દેશીને તેના કાનમાં કહે છે કે—'હે નાથ ! તમે સુપાત્રમાં દાન આપો અને શત્રુ તથા મિત્રો પ્રત્યે સમભાવ રાખી ઉપકાર કરો. બંધુવર્ગમાં સુજનપણું–પ્રેમભાવ દાખવો અને પોતાનું ઉચિત એવું હિત કરો તેમજ સ્વામીનું ( શેઠનું ) કાર્ય વાસ્તવિક રીતે કરો.

જો આ પ્રમાણે નહીં કરો તો તમારો અધિકાર નષ્ટ થશે એટલે તમારી સ્થિતિ મારા મુખ જેવી ( શ્યામ ) અને નાસિકાના છેદનવાળી થશે, જેથી તમે તમારું તેવું મુખ જગતમાં દેખાડી શકશો નહીં.'

આ અન્યોક્તિ ઉચ્ચ પ્રકારની શિક્ષા આપે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માન્યતાના ત્રણ પ્રકાર

તું તને કેવો માને છે? જગત તને કેવો માને છે? જ્ઞાનીઓ તને કેવો માને છે?

આ ત્રણ પ્રશ્નોનો ઉત્તર વિચારતાં પોતાની ખરી ઓળખાણ થઇ શકે છે

પ્રથમ તું તને કેવો માને છે? તેના જવાબમાં ખાસ એટલો જ ઉત્તર મળી શકે એમ છે કે કોઇ પણ માણસ પોતે પોતાને મૂર્ખ કે અણસમજુ અથવા કંજુસ કે કર્ત્તવ્યહીન પ્રાયે માનતા જ નથી. મોઢે જો કે ન કહે પણ અંદર તો જગતમાં મૂર્ખ મનાતો માણસ પણ પોતાને મૂર્ખ કહેનાર કે માનનારને મૂર્ખ માને છે; અને પોતાને સમજુ માને છે. જેઓ તેને કંજુસ કહે છે તેના પર તેને તિરસ્કાર આવે છે પણ પોતાને કંજુસ માનતો નથી. પોતે કર્ત્તવ્યહીન હોય, ફરજ બજાવવામાં પછાત હોય, સારસંભાળ લેવા યોગ્ય કુટુંબીઓ વિગેરેની પણ સારસંભાળ ન લેતો હોય છતાં પોતે જે કરે છે તે વિચારપૂર્વક જ કરે છે એમ માને છે. આવી રીતે પોતાને ગુણિયલ અથવા લાયક કે શ્રેષ્ઠ માનનારની સંખ્યા જ ઘણી હોય છે. બે પાંચ ટકા એવા પણ નીકળે કે જે પોતાને પોતાની સ્થિતિ કરતાં પણ અલ્પતાવાળા માને છે, અલ્પજ્ઞ માને છે, કરકસરીઆ માને છે, કર્ત્તવ્યપરાયણ રહી શકતા નથી એમ માને છે; પરંતુ એવા સજ્જનોની સંખ્યા બહુ અલ્પ હોય છે.

હવે બીજો પ્રશ્ન જગત તને કેવો માને છે? તે છે. એના ઉત્તરમાં જણાવવાનું કે-જગત તો તને જ્યારે જ્યારે જેવો દેખશે તેવો કહેશે. તે એક જ વાત કહેનાર નથી. તને ઉદારતા બતાવતો જોશે ત્યારે **ઉદાર** કહેશે, કોઇ બાબતમાં કંજુસાઇ કરતો જોશે ત્યારે **કંજુસ** કહેશે, તને સદાચારપરાયણ જોશે ત્યારે **સદાચારી** કહેશે અને કોઇ જાતનું ભૂલવાળું આચરણ જોશે ત્યારે **દુરાચારી** કહેશે, પરોપકાર કરતો જોશે ત્યારે **પરોપકારી** કહેશે અને કોઇ ગરીબને ધક્કો મારતો જોશે ત્યારે **નાદાન** કહેશે, સાચું બોલતો જોશે ત્યારે **સત્યવાદી** કહેશે અને કોઇ બાબતમાં ખોટું બોલતો જોશે ત્યારે તેવો કહેશે. એમ જ્યારે જ્યારે તારી જેવી સ્થિતિ દેખશે ત્યારે તેવો કહેશે. ધનવાન હઇશ ત્યારે **ધનવંત** કહેશે ને પૈસા ગુમાવી બેસીશ ત્યારે **નિર્ધન-દરિદ્રી** કહેશે; માટે જગતના કહેવા પર આધાર રખાય તેમ નથી તેમ તેની અવગણના પણ કરી શકાય તેમ નથી; તો પણ તેનો એક માર્ગ છે કે તું દરેક બાબતમાં સદાચારપરાયણ રહીશ તો પરિણામે તારી કીર્તિ ગવાશે ને તારા આત્માનું પણ કલ્યાણ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ત્રીજો પ્રશ્ન તને જ્ઞાની કેવો માને છે? તે છે. તે સંબંધમાં તો વિચાર કરતાં એમજ લાગે છે કે–જ્ઞાની તો તને આવી મનુષ્યજન્માદિ અમૂલ્ય સામગ્રી મળ્યા છતાં તેનો લાભ લેવામાં બેદરકાર જોશે ને સંસારમાં આસક્તિવાળો જોશે, અસાર વસ્તુને સાર માનતો ને સારને અસાર માનતો તેમજ નિત્યને અનિત્ય અને અનિત્યને નિત્ય માનતો જોશે ત્યારે તને **મૂર્ખ** જ કહેશે. તારા હિતકારક મનુષ્યો–સદ્‌ગુરુ, સન્મિત્ર વિગેરેને ખરા હિતકારક નહીં સમજે અને વિષયકષાયમાં પ્રેરણા કરનાર–ઉન્માર્ગે લઇ જનાર અને સંસારમાં આસક્ત બનાવનાર મનુષ્યોને હિતકારક માનશે ત્યારે તે જોઇને તને **મૂર્ખશિરોમણિ** જ કહેશે તેમજ ક્રોધ, અભિમાન, માયા–કપટ, દ્રવ્યતૃષ્ણા ને ભોગતૃષ્ણાવાળો જ્યારે તને જોશે ત્યારે અને એવા આત્માના ખરેખરા શત્રુઓને–સંસારમાં પરિભ્રમણ કરાવનારાઓને જ્યારે તું મિત્ર માનશે ત્યારે તને તો **મૂર્ખનો રાજા** જ કહેશે.

આ જગતના અનેક જીવો એવા હિતશત્રુઓને પોતાના મિત્ર માની, પડખામાં રાખી, જગતમાં નિંદાપાત્ર બને છે અને સંસારની વૃદ્ધિ કરે છે. મનુષ્યજન્માદિ અતિ દુષ્પ્રાપ્ય સામગ્રી મળ્યા છતાં તેનો લાભ લઇ આત્મસાધન ન કરતો જોઇને જ્ઞાની તારી દયા ચિંતવશે, તારા પર ભાવદયા લાવશે અને કોઇ રીતે તું સન્માર્ગે ચડી જા અને મળેલ ધર્મસામગ્રીનો લાભ લઇ આત્મકલ્યાણ કરે તો ઠીક એમ ધારશે; પણ એ બધી હકીકતનો આધાર તારી ભવિતવ્યતાના પરિપાક ઉપર છે. તું કર્મને આધીન બની ગયો છે, તેનો નચાવ્યો નાચે છે, તે શિખવે છે તેમ કરે છે, ખરેખરા શત્રુઓને તું મિત્ર માની બેઠો છે એટલે તારો નિસ્તાર વહેલો કેમ થાય? એ તો જે જીવ લઘુકર્મી થયેલ હોય, નિકટસંસારી–અલ્પસંસારી હોય તેને જ ખરો માર્ગ સૂઝે અને જ્ઞાનીના કહેલા માર્ગે ચાલી આ મનુષ્યજન્મને તે સફળ કરે.

ઉપર ત્રણે પ્રકારની માન્યતાનો ટૂંકો સાર જણાવ્યો છે તે બરાબર વિચારી લક્ષમાં ઉતારી જો. તારે જગતમાં સારા મનાવું હોય–સારા થઇને સાર શોધી કાઢવો હોય તો આ અવસર છે. ફરી ફરીને આવો અવસર મળવો મુશ્કેલ છે. સુજ્ઞને વધારે શું કહેવું? આટલું જ બસ છે. વધારે જાણવા માટે જુઓ શ્રી આનંદઘનજીકૃત પદ ૧૦૦ મું.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તિથિઓ સંબંધી પ્રથક્કરણ

વર્ત્તમાન ચોવીશીના ૨૪ તીર્થંકરના ૧૨૦ કલ્યાણક ૯૯ દિવસોએ થયેલા છે. ૮૩ દિવસે એકેક, ૧૩ દિવસે બે બે ( કુલ ૨૬ ), બે દિવસે ત્રણ ત્રણ ( કુલ ૬ ) અને એક દિવસે પાંચ એમ ૯૯ દિવસે ૧૨૦ કલ્યાણક થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| કાર્ત્તિકમાં | કલ્યાણક | ૬ | દિવસ | ૬ |
| માગશરમાં | ,, | ૧૪ | ,, | ૯ |
| પોસમાં | ,, | ૧૦ | ,, | ૯ |
| માહમાં | ,, | ૧૯ | ,, | ૧૫ |
| ફાગણમાં | ,, | ૧૦ | ,, | ૭ |
| ચૈત્રમાં | ,, | ૧૭ | ,, | ૧૩ |
| વૈશાખમાં | ,, | ૧૪ | ,, | ૧૨ |
| જેઠમાં | ,, | ૭ | ,, | ૭ |
| અશાડમાં | ,, | ૭ | ,, | ૭ |
| શ્રાવણમાં | ,, | ૮ | ,, | ૭ |
| ભાદરવામાં | ,, | ૨ | ,, | ૨ |
| આસોમાં | ,, | ૬ | ,, | ૫ |
| | | ૧૨૦ | | ૯૯ |

એમાં બીજે ( ૫ ), પાંચમે ( ૯ ), આઠમે ( ૧૧ ), અગ્યારશે ( ૧૦ ), ચૌદશે ( ૯ ), પુનમે ( ૫ ), અમાસે ( ૪ ) કુલ ૫૩, બાકીના ૬૭ કલ્યાણકો બીજી ૧૮ તિથિઓએ સમજવા. આના વિસ્તાર માટે જૈ. ધ. પ્ર. સભાએ છપાવેલી તીર્થંકર નામાવળીની બુક જોવી.

કલ્યાણકનો તપ કરનાર જો ઉપવાસે કરે તો પહેલે વર્ષે ૯૯, બીજે વર્ષે ૧૬, ત્રીજે વર્ષે ૩, ચોથે વર્ષે ૧ ને પાંચમે વર્ષે ૧ કલ્યાણકનું આરાધન કરી શકાય.

બે કલ્યાણકવાળી ૧૩ ને ત્રણ કલ્યાણકવાળી બે તિથિઓ સદરહુ બુકમાં જોવી. પાંચ કલ્યાણકવાળી તો એક માગશર શુદિ ૧૧ જ સમજવી.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વચનામૃતો

૧ જેમ સૂર્યથી દિવસ, ચંદ્રથી રાત્રિ અને સુપુત્રથી કુળ શોભે છે તેમ બુદ્ધિના પ્રકાશથી માણસ શોભે છે.

૨ જ્ઞાન વિના જીવનની ખૂબી જાણી શકાતી નથી. સદ્વિદ્યા વગરનું જીવન [૧]અજાગલસ્તન જેવું નિરર્થક છે.

૩ પુત્ર કે પુત્રી, એ બેમાંથી એકને પણ અભણ રાખવા તે વ્યવહારરૂપી રથના એક પૈડાને ભાંગી નાખવા બરાબર છે.

૪ ધર્મના સંસ્કારો પાડ્યા સિવાય વ્યવહારિક જ્ઞાનમાં આગળ વધવું તે નાસ્તિકતાની હદમાં પ્રવેશ કરવા સરખું છે.

૫ બીજા ઉપર વિશ્વાસ ન રખાય, તો પણ તમારી જાત ( આત્મા ) ઉપર તો વિશ્વાસ રહેવો જ જોઇએ.

૬ હું આત્મા છું, અમર છું, અનંત શક્તિવંત છું, આનંદમય છું, આ નિશ્ચય-વાક્યોને હૃદયમાં કોતરી રાખો. ( જેથી મિથ્યા ભ્રમણથી બચો ).

૭ આત્મશ્રદ્ધા છે ત્યાં જ ધર્મ છે અને ધર્મ છે ત્યાં જ શાન્તિ છે. પરમ શાન્તિ પ્રાપ્ત કરવી હોય તો આત્મવિશ્વાસ રાખો.

૮ મહાપુરુષના બોધવચનો દુર્ગતિ અને દુ:ખના ખાડામાંથી બહાર નીકળવાને દોરીની ગરજ સારે છે.

૯ સદ્બોધ સાંભળો, સમજો, ધારો, હૃદયમાં ઉતારો અને વર્તનમાં મૂકો. જેમ ચાખ્યા સિવાય સાકરની મીઠાશ મુખમાં આવતી નથી, પેટમાં પચ્યા સિવાય દવાની અસર થતી નથી તેમ વર્તનમાં મૂક્યા સિવાય શ્રવણાદિ સફળ થતું નથી.

૧૦ એક ઉદરમાંથી જન્મ્યા તેને જ નહીં પરંતુ એક ધર્મમાં અને એક દેશમાં જન્મ્યા તેને પણ ભાઇ તરીકે માનો-લેખો.

૧૧ કુટુમ્બકલેશ અને ખરાબ સોબત એ બેનો જ્યાં ઉદય થાય ત્યાં કુટુંબની પડતી દશા સમજવી. ( એ મુદ્દાની વાત ભૂલવા જેવી નથી. )

૧૨ સ્ત્રીઓને એટલું છૂટાપણું ન આપો કે જેથી તેઓ સ્વચ્છંદી બની અનાચારને માર્ગે ઉતરે. તેમ એટલું દબાણ પણ ન રાખો કે જેથી તેઓ ગુલામડી જેવી સ્થિતિમાં રહી ગુલામ પ્રજા ઉત્પન્ન કરે. ( બેમાંથી એકે સ્થિતિ ઇચ્છવાયોગ્ય નથી. )

---

૧ બકરીના ગળે લટકતાં બે આંચળ ( જે કશા કામનાં નથી-નિરુપયોગી છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ દયા પાળવા માટે એકેંદ્રિય અને પંચેંદ્રિય જીવોને ઓળખો. સ્થૂલ દયા ન હોય તો સૂક્ષ્મ દયા ક્યાંથી આવી શકે ?

૧૪ પૂજ્ય વડિલોની આજ્ઞા નહિ પાળો અને તેઓનું સન્માન નહિ કરો તો તમારી સંતતિ તરફથી તમારી આજ્ઞાનું પાલન થાય કે તમારું સન્માન જળવાય એવી આશા રાખવી ફોગટ છે-નકામી છે.

૧૫ સ્ત્રીઓ અને બાળકોને કહો કે-કડાં, સાંકળાં, બંગડીઓ વિગેરે ખરાં ભૂષણો નથી; પણ હાથનું ભૂષણ દાન છે, કંઠનું ભૂષણ સત્ય છે અને કાનનું ભૂષણ હિતવચનો સાંભળવા તે છે. ( સત્ય હકીકત જાણી તેનો આદર કરો. )

૧૬ પરધન પત્થર સમ ગણો, પરસ્ત્રી માત સમાન ગણો અને સહુ જીવોને આત્મ સમાન ગણો. આ શિક્ષાવચનોને એક ક્ષણ પણ ભૂલી જાઓ નહિ.

૧૭ માણસનાં ખૂન કરતાં સત્યનું ખૂન ઓછું ભયંકર નથી. એક વાર અસત્ય બોલવાથી પ્રમાણિકપણું ચાલ્યું જાય છે. ( અંતરમાં કોતરી અનુભવ કરી જોઇ, સત્ય પ્રત્યેનો પ્રેમ વધારો. )

૧૮ કરકસર ( બીજા ) ભાઇની ગરજ સારે છે; પણ તે કૃપણતામાં ન ભળવી જોઇએ. કૃપણતા એ એક મોટું કલંક છે.

૧૯ સ્વતંત્ર બનવામાં જેટલી કોશિષ કરવામાં આવે તેટલી જ સ્વચ્છંદી ન બનવામાં પણ કરવી જોઇએ.

૨૦ નિરભિમાની થવું પણ તેમાં સ્વમાનભંગ ન થવા જોઇએ, કેમકે સ્વમાનની લાગણી માણસને ઉચ્ચ કાર્યમાં પ્રેરે છે.

૨૧ તમે બીજાને ન ઠગો પણ બીજાઓ તમને ન ઠગી જાય તેની સાવચેતી પણ રાખો. વિશ્વાસનો આ જમાનો નથી.

૨૨ શરીર સારું-નિરોગી રાખવું જ હોય તો 'જીર્ણે ભોજનમ્' પ્રકૃતિને અનુકૂળ ભોજન પણ પ્રથમનું પચ્યા પછી જ આરોગવું.

૨૩ સર્વ પ્રાણીવર્ગને સ્વાત્મા સમાન સમજતાં શિખો.

૨૪ ગૃહવ્યવહાર સારો ચલાવવા ઇચ્છતા હો તો ગૃહિણી ( ઘરની સ્ત્રી ) સાથે મૃદુતાથી-ઉચિત નરમાશથી કામ લેતાં શિખો.

૨૫ જરૂરી-ઉપયોગી કાર્ય પાર પાડવામાં માત્ર બીજાના વિશ્વાસે નહીં રહેતાં સાવધાનપણે સ્વાશ્રયી રહેતાં શિખો.

૨૬ કોઇ પણ વખતે અતિ ઉતાવળા થઇ ન જતાં ધીરજ રાખી કાર્યમાં લાગી રહો.

૨૭ ધૈર્ય અને ખંતથી ભારે મુશ્કેલીભર્યું કાર્ય પણ સાધી શકાય છે.

૨૮ આલસ્ય-પ્રમાદ જ મોટો દુશ્મન છે. નિરંતર ઉદ્યમથી દુષ્કર કાર્ય પણ સાધી સંતોષ મેળવી શકાય છે. અનુભવથી ખાત્રી જરૂર થશે. સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણા પૂર્વજો

ધર્મે જય એ શાસ્ત્ર-વાક્યને હૃદયમાં કોતરી રાખતા, તે પ્રમાણે અનુસરતા, એવા ધર્મ-યજ્ઞે કરી ઋદ્ધિ-સિદ્ધિનો નિરંતર વાસ રહેતો. જ્ઞાતિહિતમાં એક્કા હતા. દયા, પરોપકારવૃત્તિ અને સૌજન્યની મૂર્તિસમા હતા. દેશ, ધર્મ અને જ્ઞાતિ-સમાજની ઊંડી ધગશ ધરાવનારા હતા. નિરોગી અને સુખી હતા. શાન્ત અને સાદું જીવન ગાળનારા હતા. જીવનની ખરી સાર્થકતા શામાં છે? તે બરાબર સમજતા. કોઇનું અનિષ્ટ-અમંગળ સ્વપ્ને પણ નહિ ઇચ્છતા. નીતિ અને પ્રમાણિકપણે મેળવેલા ધનનો ન ઇચ્છવાજોગ માર્ગે ખોટો વ્યય નહિ કરતા પણ તેનો સન્માર્ગે સદુપયોગ કરતા. જ્ઞાતિજનોની ઉન્નતિમાં સ્વયમેવ પ્રયત્ન કરતા. દાન, શીલ (સદાચાર), તપ અને સદ્‌ભાવના તેઓનાં જીવનસૂત્ર હતાં. સ્વાર્થપરાયણ નહોતા. પરોપકારરસિક હતા. પરનિંદા કરતા નહીં પણ આત્મનિંદા કરતા. સંસારમાં દૃઢ આસક્ત નહોતા. ધર્મપરાયણ વૃત્તિવાળા હતા. આવા અનેક સદ્‌ગુણોથી ઉજ્જ્વળ જૈન ધર્મને દીપાવનારા હતા. શાસનદેવ આવા સુજ્ઞ પુત્રો પર અમીની વૃષ્ટિ વરસાવતા.

## આપણું સ્થાન

આપણું જીવન-જહાજ અત્યારે ઉપરની દરેક બાબતોથી ઉલટી દિશામાં વહે છે. આપણે માર્ગ ભૂલ્યા છીએ. ઊંડી દૃષ્ટિથી જોતાં આપણું અધઃપતન થઇ રહ્યું હોય તેવો વંટોળ ચઢ્યો છે. આપણી વર્તમાન સ્થિતિ આપણે સમજીએ છીએ. આપણે કોણ? કઇ સ્થિતિમાં છીએ? આવી અવનતિ થવાનું કારણ શું? અને તેના નિવારણ માટે કેવો માર્ગ આપણે ગ્રહણ કરવો જોઇએ તેનું ઊંડું નિરીક્ષણ કરતાં ત્રણ મહાન પાપો નજરે ચડે છે: (૧) કન્યાવિક્રય (વરવિક્રય સાથે), (૨) બાળલગ્ન (વૃદ્ધ-વિવાહ સાથે) અને (૩) વિધવાઓની હાય-તેમનાં બાહ્ય-અંતર દુઃખતી જવાળા. વળી કુસંપ અને સ્વચ્છંદે કાળો કેર વર્તાવ્યો છે. એથી ઉજ્જ્વળ જૈન ધર્મ ઉપર અને ઉચ્ચ ગણાતા જૈનસમાજ ઉપર આજના ઇતિહાસમાં કાળા કલંક આલેખાય છે. સ્વાર્થ સાધવા માટે અન્યનું અહિત કરવામાં તત્પરપણું અને જ્ઞાતિહિત, દેશહિતના સંબંધમાં ઉદાસીન ભાવ અને કેટલીક વખત વિરુદ્ધ વર્તન જોઇને જગતમાં નિંદાપાત્ર બનાય છે. વ્યવહાર શુદ્ધિ તરફ તો નજર જ દેખાતી નથી. માત્ર ગમે તેમ કરીને પૈસા મેળવવામાં જ તત્પર જણાય છે. સત્ય ને પ્રમાણિકપણું વિસરી જવામાં આવ્યું છે. ગરીબને જોઇને દયાને બદલે તિરસ્કાર આવે છે. ગુણી ઉપર પ્રેમ ન કરતાં ઇર્ષા કરવામાં આવે છે. અમુકના પાપે આજે સમસ્ત જૈનસમાજ મહાદાવાનળમાં બળી રહ્યો છે. તેમાંથી તેનો ઉદ્ધાર શીઘ્ર કરવા ભગીરથ પ્રયત્નની જરૂર છે.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્પુરુષનો કોપ કેવો હોય ?
## દુર્જનની મૈત્રી જેવો હોય

દુર્જનને પ્રાયઃ સ્નેહ હોય જ નહિ તેમ સત્પુરુષને પ્રાયઃ કોપ હોય જ નહિ. કદી દુર્જનનો સ્નેહ થાય તો પણ તે લાંબો સમય રહે નહીં તેમ સજ્જનનો કોપ પણ લાંબો સમય ટકે નહિં. કદાચ દુર્જનનો સ્નેહ ચિરકાળ રહે તો પણ તે ફળે નહિં. અર્થાત્ સ્નેહનાં જે મીઠાં ફળો, તે તો તેનાથી પ્રાપ્ત ન જ થાય. તેવી જ રીતે કદી સત્પુરુષનો કોપ લાંબો સમય રહ્યો હોય તો પણ તેનું ફળ–ક્રોધના જે ઉગ્ર અને કટુ ફળો છે તે તો સજ્જનના કોપથી ન જ નીપજે. આ પ્રમાણે સત્પુરુષનો કોપ, દુર્જનની મૈત્રી સદૃશ, સુભાષિતકારોએ વર્ણવેલ છે તે યથાર્થ જણાય છે. તેને આપણે સહજ વિસ્તારથી જોઇએ.

નીચની સામાન્ય વ્યાખ્યા એવી થઈ શકે કે–જેઓ નીચ–હલકા કાર્યો કરનાર હોય, નીચા વિચારો ધરાવનાર હોય, નીચું જીવન જીવનાર હોય તેઓ નીચ ગણાય છે. બીજા શબ્દોમાં તેને ખળ યાને દુર્જનના નામથી પણ સંબોધવામાં આવે છે. આવા માણસોને પ્રથમ તો કોઇની સાથે સ્નેહ થતો જ નથી, કારણ કે તેવાઓનાં હૃદયમાં સ્વાર્થભાવની અતિમાત્રા હોવાથી, નિઃસ્વાર્થ સ્નેહને ત્યાં સ્થાન જ નથી હોતું. સ્વાર્થી સ્નેહને યથાર્થ સ્નેહ કહી શકાય જ નહિ, તેથી જો કદાચ તેવાઓનો સ્નેહ જણાય તો તેનું કારણ એમ જ જાણવું કે–આ સ્નેહના મૂળમાં સ્વાર્થનું મિશ્રણ જરૂર સિંચાયેલ હોવું જોઇએ, તેવા લોકોનો એવો સ્નેહ પણ કાયમ ટકતો નથી, કારણ કે–જે સૌજન્યતા, ઐક્યતા, વિગેરે ગુણો સ્નેહના નીભાવ માટે હોવા જોઇએ તેનો તો ત્યાં સદંતર અભાવ જ વર્તતો હોય છે. પછી તેવો સ્નેહ ક્યાં સુધી ટકી શકે ? કદાચ સંજોગવશ તેવો સ્નેહ લાંબો સમય રહ્યો હોય તો પણ તે નિષ્ફળ નીવડે છે. અર્થાત્ સ્નેહ વૃક્ષના જે મિષ્ટ ફળો–ઉદારતા, ઐક્યતા, સમર્પણ, અનન્ય ભ્રાતૃભાવ ઇત્યાદિ છે તે ત્યાં હોતા નથી. ફળ વિનાના વૃક્ષને કોણ સેવે ? બસ, દુર્જનનો સ્નેહ હોય નહિં અને હોય તો વ્યર્થ હોય એ અત્ર જાણી શકાય છે.

લક્ષ્મીવંત ધવલશેઠ શ્રીપાળકુમાર સાથે સ્નેહ કરવા ઇચ્છતા ન હતા, પણ સંજોગે તેમ કરવા તેમને પ્રેર્યા, પણ દુર્જનનો સ્નેહ લાંબો સમય ક્યાંથી ટકી શકે ? તક મળતાં જ તેણે શ્રીપાલને દુઃખમાં નાખવા પ્રયત્ન કર્યો. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે દુર્જનને સ્નેહ થાય નહિં છતાં થયો તો લાંબો સમય ટકી ન શક્યો. ફરી વખત શ્રીપાળની સજ્જનતાથી સ્નેહના તૂટેલ તંતુઓનું અનુસંધાન થયું અને એ સ્નેહ લંબાયો તો પણ ધવલશેઠની દુર્જનતાથી–રમા અને રામા ( લક્ષ્મી અને સ્ત્રીઓ ) ના લોભથી એ કૃત્રિમ સ્નેહ આખરે નિષ્ફળ નીવડ્યો. અર્થાત્ કાયમ ભલું કરનારનું બૂરું ચિંતવ્યું. પરિણામે શ્રીપાળને મારવા જતાં પોતાનું જ મૃત્યુ થયું.

સત્પુરુષના કોપની સરખામણી અત્ર દુર્જનના સ્નેહની સાથે કરી છે તેથી આપણે દુર્જનના સ્નેહનું ન હોવાપણું, હોય તો ચિરકાળ ન ટકવાપણું, કદી ચિરકાળ ટકે તો ફળ રહિત હોવાપણું જોઈ ગયા છીએ. એ પ્રમાણે સત્પુરુષોને કોપ પ્રાયઃ હોતો જ નથી. શાંતતા એ સત્પુરુષનું મુખ્ય લક્ષણ હોય છે. સર્વ જગજંતુઓ ઉપર ક્ષમાભાવ રાખવો એ સત્પુરુષને ખાસ કર્તવ્યરૂપ હોય છે. અપકારી ઉપર પણ ઉપકાર કરવાનું લક્ષ, સત્પુરુષને સદાકાળ વર્તતું હોય છે ત્યાં પછી કોપને સ્થાન જ ક્યાંથી મળી શકે ? ચંડકૌશિકે પ્રભુ વીરને ઉગ્ર ક્રોધથી ડંશ માર્યો, છતાં પ્રભુએ તો ક્ષમા અને અપૂર્વ શાન્તિથી તેને બોધ-વાક્યો સુણાવી તેનો ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે સત્પુરુષને કોપ થાય જ નહીં. કદી સંજોગાનુસાર થઇ જાય તો ચિરકાળ ટકે નહિ. જેમ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ પોતાના બાળ રાજપુત્રને પીડતા એવા મંત્રીઓ ઉપર માત્ર મનથી ક્રોધ કર્યો, પણ તે ક્રોધ ક્ષણસ્થાયી નીવડ્યો અર્થાત્ બીજી જ પળે પરિણામ પલટાઇ ગયા. કદી સત્પુરુષનો કોપ ટકે તો પણ તેનું માઠું ફળ ન જ મળે. જો કોપનું ફળ પ્રગટે તો તેને યથાર્થ સત્પુરુષ ન જ કહી શકાય. જેમ શ્રી વાલી મુનિએ અષ્ટાપદ પર્વતને ઉખેડી, સમુદ્રમાં ફેંકી દેવાના અવિચારી કાર્યથી રાવણને દંડ દેવા વિચાર કર્યો, પરિણામે તેમણે ડુંગરને ચરણથી દબાવ્યો, રાવણ ઉપર અગણિત ભાર આવી પડ્યો અને તેથી રાવણ રડવા લાગ્યો. બસ, તુરતજ શ્રી વાલી મુનિએ તેને મુક્ત કરી દીધો. એટલું જ નહિં પણ તેમના મનમાં કોપનો અંશ પણ રહ્યો નહિં. આટલું કરવું પડ્યું તે પણ ન–છૂટકે અને મહાન તીર્થના રક્ષણાર્થે જ.

આ ઉપરથી એ ઉત્તમ બોધ નીકળી શકે છે કે–સત્પુરુષને કોપ હોય નહિ અને હોય તો નિષ્ફળ હોય; તેમજ દુર્જનની મૈત્રી થાય નહિં અને થાય તો પણ તે વ્યર્થ હોય. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—

**ન હોયે હોય તો ચીર નહિં. ચીર રહે તો ફળ છેહો રે;**
**સજ્જન ક્રોધ તે એહવો. જેહવો દુર્જન નેહો રે.**

રાજપાળ મગનલાલ વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—શા. પુંજીરામ અમથાલાલ-આજોલ. )

**પ્રશ્ન** ૧—લેપની, દાંતની, કાષ્ઠની, લોઢાની ને પાષાણની પ્રતિમા ઘરદેરાસરમાં પધરાવવાનો નિષેધ છે તેનું શું કારણ ?

**ઉત્તર**—એનું ખાસ કારણ જ્ઞાનીગમ્ય છે. કેટલુંક આપણે પણ સમજી શકીએ તેમ છે, પરંતુ એમાં ખાસ કરીને આજ્ઞાને જ પ્રમાણ માનવી.

**પ્રશ્ન** ૨—દેરાસર ભમતી વિનાનું હોય તો ચાલી શકે ?

**ઉત્તર**—દેરાસર ફરતી ભમતી ન હોય તો દેરાસરની ભીતને લગતી જ અશુચિ વિગેરે થવાથી આશાતના થાય માટે ભમતી હોવાની જરૂર છે.

**પ્રશ્ન** ૩—કોઈ પણ પ્રતિમાનું અંગ ખંડિત થયેલ હોય તો તે પૂજી શકાય ?

**ઉત્તર**—અંગ ખંડિત હોય તે ન પૂજાય, પણ કયું અંગ ને કેટલું ખંડિત થયેલ છે તે જાણ્યા બાદ તેનો નિરધાર થઇ શકે.

**પ્રશ્ન** ૪—દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય ઓછે વ્યાજે લાવી વધારે વ્યાજ ઉપજાવે તો તેમાં દોષ લાગે ખરો ?

**ઉત્તર**—એ દ્રવ્ય વ્યાજે લાવવાનો વ્યવહાર જ ન કરવો કે જેથી દોષ લાગવાની સંભાવના ઉદ્ભવે.

**પ્રશ્ન** ૫—દેવદ્રવ્યથી દૂષિત થયેલ માણસને શ્રીસંઘ તેની પાસેથી ઓછું-વત્તું લઇને મુક્ત કરી શકે ?

**ઉત્તર**—શ્રીસંઘને તેમ કરવાની સત્તા છે.

**પ્રશ્ન** ૬—જીવ મરણ પામ્યા પછી ક્યારે નવા ભવનો આહાર લેય અને તે ભવમાં ભોગવવાના કર્મ ક્યારે ઉદયમાં આવે ?

**ઉત્તર**—જીવ અન્ય ભવમાં સમશ્રેણીએ ઉપજવાનો હોય તો પહેલે સમયે જ આહાર લેય ને તે ભવમાં ભોગવવાનાં કર્મો ઉદયમાં આવે. વિગ્રહગતિ કરે તો એક, બે કે ત્રણ સમય આહાર વિનાના જાય અને ઉપજવાને ઠેકાણે ઉપજે કે તરત આહાર લેય. દરેક જીવને કર્મોદય તો પહેલા સમયથી જ શરૂ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૭—ગળીમાં રંગેલા વસ્ત્રો વપરાય? તેમાં જીવોત્પત્તિ થાય?

**ઉત્તર**—ગળીના અંશવાળાની વાત જુદી છે પરંતુ ખાસ ગળીમાં રંગેલા વસ્ત્રો શ્રાવક વાપરે જ નહીં અને તેમાં અમુક સમયે શરીરના પ્રસ્વેદાદિનો સંબંધ થવાથી જીવોત્પત્તિ થાય.

**પ્રશ્ન** ૮—જે ઘરમાં પ્રસૂતિ થયેલ હોય તે ઘરમાં જમનાર માણસ પૌષધ કરી શકે?

**ઉત્તર**—કરી શકે. સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વિગેરે ક્રિયા માટે નિષેધ નથી. માત્ર મુખે સૂત્રોચ્ચાર કરવાનો નિષેધ છે.

**પ્રશ્ન** ૯—૧૮ પ્રકારના પુરુષ, ૨૦ પ્રકારની સ્ત્રી ને ૧૦ પ્રકારના નપુંસકો દીક્ષાને અયોગ્ય કહ્યા છે તે વિગતથી જણાવશો?

**ઉત્તર**—તે જાણવા માટે પ્રવચનસારોદ્ધારમાં વિગત આપેલ છે તે વાંચો. અહીં ટૂંકમાં લખી શકાય નહીં.

**પ્રશ્ન** ૧૦—બહેરા માણસને દીક્ષા આપી શકાય?

**ઉત્તર**—તદ્દન સાંભળી ન શકે તેવા બહેરાને દીક્ષા આપી ન શકાય, કારણ કે તેનાથી ચારિત્ર યથાર્થ પાળી શકાય નહીં.

**પ્રશ્ન** ૧૧—સંવચ્છરી પ્રથમ શુદિ ૫ ની હતી તે શુદિ ૪ ની શા માટે કરી?

**ઉત્તર**—એનું કારણ કલ્પસૂત્રમાં દર વર્ષે સાંભળવામાં આવતું હશે, છતાં પૂછો છો તો તેનું કારણ ગુરુમહારાજને પૂછશો.

**પ્રશ્ન** ૧૨—ઋષભ, ચંદ્રાનન, વારિષેણ ને વર્ધમાન-એ ચાર નામ શાશ્વત છે એટલે શું સમજવું?

**ઉત્તર**—પાંચ ભરત ને પાંચ ઐરવતની મળીને દશ ચોવીશીમાં એ ચાર નામ અવશ્ય આવે છે તેથી તે ચાર નામ શાશ્વતા જાણવા. જ્યારે એ દશ ક્ષેત્રમાં તીર્થંકર વિચરતા ન હોય ત્યારે મહાવિદેહમાં વિચરતા વીશ વિહરમાનમાં પણ એ ચાર નામો પ્રાયે હોય છે.

**પ્રશ્ન** ૧૩—સાધુ સાધ્વી વસ્ત્રપાત્રાદિ ઉપર મમત્વભાવ-આસક્તિ રાખે તો તેને પરિગ્રહ સંબંધી દોષ લાગે?

**ઉત્તર**—પરમાત્માએ મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે, તેથી તેના પર મૂર્ચ્છા રાખનારને પરિગ્રહ સંબંધી દોષ લાગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૧૪—કલંકી ક્યારે થયો ? અથવા ક્યારે થવાનો છે ?

**ઉત્તર**—એ સંબંધમાં નિરધાર કહી શકાય તેમ નથી.

**પ્રશ્ન** ૧૫—ભરતચક્રીને આરિસાભુવનમાં કેવળજ્ઞાન થયું ત્યારે ઇંદ્રે તેને મુનિવેષ આપ્યો હતો ?

**ઉત્તર**—મુનિવેષ આપ્યાનો ઉલ્લેખ છે.

**પ્રશ્ન** ૧૬—એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીનો કોઇ પણ જીવ મનુષ્ય થઇને એ જ ભવમાં મોક્ષે જઇ શકે ?

**ઉત્તર**—ચારે ગતિમાંથી આવીને મનુષ્ય થઇ મોક્ષે જઇ શકે છે, પરંતુ તેમાં તિર્યંચો પંચેંદ્રિય અને પૃથ્વી, પાણી ને વનસ્પતિરૂપ એકેંદ્રિય જાણવા.

**પ્રશ્ન** ૧૭—નવાણુ પ્રકારી પૂજામાં અભવ્ય સિદ્ધાચળને નજરે જ ન દેખે એમ કહેલ છે તે બરાબર છે ?

**ઉત્તર**—બરાબર છે. એમાં શંકા કરવાનું કારણ નથી. બાકી દેખવા માત્રથી કલ્યાણ સમજવાનું નથી. કલ્યાણ તો તેને ખરા રૂપે ઓળખવાથી જ છે.

**પ્રશ્ન** ૧૮—કોઇ માણસને કાયમ જિનપૂજા કરવાનો નિયમ હોય તેના ઘરમાં સુવાવડ આવે ત્યારે તેણે કેમ કરવું ?

**ઉત્તર**—સ્નાન કરી પવિત્ર થઇ રંગમંડપમાં પ્રવેશ કરી પ્રભુની અગ્રપૂજા ને ભાવપૂજા કરવી; અંગપૂજા ન કરવી.

**પ્રશ્ન** ૧૯—ચંદરાજા કુકડો મટીને મનુષ્ય જેમાં પડવાથી થયો હતો તે સૂરજકુંડ હાલ કયાં છે ?

**ઉત્તર**—કુમારપાળ રાજાના દેરાસરની નીચે છે એમ દંતકથા છે.

**પ્રશ્ન** ૨૦—ઉપધાન વહેનારે ઉપધાન વહ્યા પછી કઇ કઇ કરણી કાયમ કરવાની હોય છે ? અને કેટલી ઉમરવાળો ઉપધાન વહી શકે ?

**ઉત્તર**—આ બાબત ઉપધાન વહેવરાવનાર મુનિરાજને પૂછવું.

**પ્રશ્ન** ૨૧—કેશર જિનપૂજામાં વાપરી શકાય ?

**ઉત્તર**—જરૂર વપરાય, પણ શુદ્ધ હોવાની ખાત્રી કરીને વાપરવું.

**પ્રશ્ન** ૨૨—જૈનધર્મમાં ક્રિયામાર્ગની મુખ્યતા છે કે જ્ઞાનમાર્ગની ?

**ઉત્તર**—યોગ્ય અવસરે બંનેની મુખ્યતા બતાવેલ છે, તેથી ક્રિયામાર્ગનો નિષેધ કરવો નહીં; પરંતુ અવિધિ અને અશુદ્ધિનો નિષેધ કરવો.

**કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતનું સ્મારક

સિદ્ધાચળની શીતળ છાંયા છોડીને એક વખત શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ પાટણ આવ્યા હતા. ૧૫ વર્ષ પહેલાની વાત છે. તે વખતે અમારી એક મંડળી હતી. પાટણમાં એક સ્વતંત્ર શિક્ષણ માટેની સંસ્થાના વિચારો અમારા મંડળમાં ચર્ચાતા હતા. અમે તો બધા યોજનાઓ વિચારનારા, કાર્ય કરનારા અને જરૂર પડે તો સંસ્થાના પ્રત્યેક કાર્યમાં રસ લેનારા, પણ સંસ્થા ચલાવવાને પૈસા જોઈએ તેનું શું કરવું ? તે વિચાર અમને મૂંઝવતો હતો. પાટણ આમ તો સમૃદ્ધ ગણાય પણ નવી સંસ્થા માટે પૈસા તુરત ન મળે. અમે મહારાજશ્રીને વાત કરી. એમને એ વાત ગમી. તેમના ભક્ત શ્રી ત્રિભોવનદાસ પર પત્ર લખ્યો. મેં પણ એક પત્ર યોજના વિષે તેમને લખ્યો અને તુરતજ તેમનું વચન મળી ગયું. રાધનપુરમાં શિક્ષણપ્રેમી શેઠ શ્રી કાન્તિલાલભાઇ તેમના પૂજ્ય પિતાશ્રીના નામથી જે **છાત્રાલય** ઉઘાડે છે તે જ એ વિદ્યાભુવન. થોડા વર્ષો પાટણમાં રહી વિદ્યાભુવનને રાધનપુર લઈ જવું પડયું અને ત્યાં તે છાત્રાલય બની ગયું. શ્રી પ્રભુદાસ પારેખ આ સંસ્થાના વ્યવસ્થાપક હતા અને તે સંસ્થાના કેટલાક વિદ્યાર્થી સારા શિક્ષકો ગણાય છે.

× × ×

સ્ત્રીકેળવણી માટે તેમને ખૂબ જ પ્રેમ હતો. સ્ત્રીઓ અજ્ઞાત રહેશે ત્યાંસુધી આપણા ઘરો કે આપણો સમાજ ન જ સુધરે. તેમણે મને એક પુસ્તક લખવા પ્રેરણા કરી અને મેં કન્યાસદ્બોધમાળા લખી. તેમને તે બહુ જ ગમી અને તે પુસ્તકની તેમણે બે આવૃત્તિ કરી પ્રચાર કર્યો, એટલું જ નહિ પણ જ્યાં જ્યાં તેઓશ્રી ગયા ત્યાં ત્યાં કન્યાઓને શિક્ષણ મળે તે માટે તેઓશ્રી ખૂબ કાળજી રાખતા. આ પછી તો કરીઆવર અને ગૃહલક્ષ્મી પણ તેમણે જ તૈયાર કરાવ્યાં. સોળ સતીઓનું પુસ્તક પણ તેમની પ્રેરણાને આભારી છે, એટલું જ નહિ પણ નમુક્કાર ને કરેમિ ભંતે, જૈન તત્ત્વપ્રવેશકજ્ઞાનમાળા વગેરે ઘણાં પુસ્તકોના તેઓ પ્રેરક હતા. જનતાના મોટા સમૂહને જૈન ધર્મના સિદ્ધાંતો સાદી ભાષામાં મળે તે તેમની અહોનિશ ઇચ્છા રહેતી.

× × ×

સાહિત્યનો તેમને શોખ હતો. એવા અભ્યાસી હતા કે તેઓ વખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળતાં પુસ્તકો વાંચતાં એટલું જ નહિ પણ તેની નોંધ કરતા; તેનો સાર લખતા અને તે પર વિચાર કરી લેખો પણ લખતા. ધર્મક્રિયામાં ખૂબ રસ લેતા. શુષ્ક ગણાતા પ્રતિક્રમણમાં તે જીવનનું દર્શન કરતાં અને આત્મશુદ્ધિનો પંથ નિહાળતા. નવા વિચારો તેઓ જલ્દી પચાવી લેતા અને યુવક પ્રવૃત્તિ કે રાષ્ટ્રીય પ્રવૃત્તિ તેઓ આનંદથી જોતા.

અમદાવાદની મહાસભા ભરાવાની તૈયારી હતી. પાટણમાં **પૉલ રિચાર્ડ** શ્રી અરવિંદ ઘોષના મિત્ર, જગતના મુસાફર આવ્યા હતા. શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ સામેના તે વખતના અરવિંદ આશ્રમમાં તે રહેલા. એક દિવસ શ્રી પૉલ રિચાર્ડને મહારાજશ્રી મળવા આવ્યા. ઘણું કરીને પ્રાર્થનાનો સમય હતો. બન્ને યોગીઓ મળ્યા. શ્રી પોલ રિચાર્ડે મહારાજશ્રીને પૂછ્યું કે તમે અંતરનો અવાજ સાંભળો છો? મહારાજશ્રીએ જવાબ આપ્યો:– તમે અંતરનો અવાજ કોને કહો છો? પછી તો શ્રી પોલ રિચાર્ડે પોતાની લાક્ષણિક શૈલીમાં આત્માની ઓળખ આપી અને મહારાજશ્રીએ કહ્યું–અમારા જૈન ધર્મમાં પણ આત્માની આવી જ મહત્તા છે. આત્માની સાથે તો કોઇ કોઈ શુભ ઘડીએ વાતો થાય છે. પણ તમારી જેમ હંમેશ તો નહિં જ.

પાલીતાણામાં પૂ. ગાંધીજી આવ્યા હતા. મહારાજશ્રીને લાગ્યું કે ગાંધીજી સાથે વાતો થાય તો કેવું સારું? કોઇ મિત્રે ગાંધીજીને આ વાત કરી. ગાંધીજી મહારાજશ્રીને મળવા આવ્યા. દસેક મિનિટ બેઠા અને ગાંધીજીએ તો સાધુ-સમાજની દશા વિષે વાત કરી. મહારાજશ્રી સાંભળી રહ્યા અને છેવટે કહ્યું: તમે જે આંદોલન કરો છો તેમાં મારી પૂર્ણ શ્રદ્ધા છે. અહિંસાને તમે જગત પ્રસિદ્ધ કરી છે. બન્ને હસીને છૂટા પડ્યા.

× × ×

પાટણનો કલેશ વધતો જતો હતો. કોર્ટમાં કેસ ચાલતો હતો. ઘેરઘેર કલેશના વાયરા પહોંચી ગયા હતા. સંઘ અને સોસાયટી બન્ને નવા નવા છાપાઓ કાઢીને એક બીજાના દોષો બહાર મૂકતા હતા. મેં મહારાજશ્રીને કહ્યું–આનો શો ઉપાય? આ દશા ભારે વિષમ છે. જૈનસમાજનું શું થવા બેઠું છે? તેમણે કહ્યું કે–શ્રાવકો જો ધારે તો એક જ દિવસમાં ઝગડાનો અંત આવે, પણ જ્યાંસુધી સાધુઓને વળગીને આપણે બેસી રહીશું ત્યાંસુધી કશું થવા સંભવ નથી.

મહારાજશ્રી તળાજામાં હતા. પાલીતાણાની હવા કરતાં તળાજાની હવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને વિશેષ અનુકૂળ હતી. એક દિવસ ફરતા ફરતા સ્ટેશન પાસેના વિશાળ મેદાન તરફ તેમની દૃષ્ટિ પડી. તેમણે જણાવ્યું કે-'પાલીતાણામાં ઘણી સંસ્થાઓ છે. આ તાલધ્વજની શીતળ છાયામાં એક ગુરુકુળ બને તો આસપાસના કેટલાએ ગામડાના બાળકોમાંથી રત્નો સાંપડે. આ તરફ કોઇનું ધ્યાન કેમ નથી ગયું ?' મારાથી બોલાઇ જવાયું-'મહારાજશ્રી ! તળાજામાં તો એવા પૈસા નથી, ભાવનગર પોતાની સંસ્થા પણ બહારના પૈસાથી ચલાવી જાણે છે, પણ આપશ્રી હાથમાં લ્યો તો ભાવનગરમાંથી કે આસપાસથી કોઇ જરૂર નીકળી આવે.'

પણ એ દિવસ ન જ આવ્યો તે ન જ આવ્યો.

આવા એક સંતનું સ્મારક જૈનસમાજ ઊભું કરશે કે ? આ યોગીને જૈનસમાજ, તેમના પ્રેમીજનો, ભક્તો, ભૂલી જશે શું ? તેમનું કાર્ય તો ચાલુ રહેવું જોઇએ. તેમના સ્મારક તરીકે ઘણું ઘણું થઇ શકે. તળાજામાં એક વિદ્યામંદિર ઊભું કરી શકાય. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મારફત એક ગ્રંથમાળા ચાલે છે તેને સ્થાયી રૂપ આપી શકાય. સિદ્ધાચળની છાયામાં તેમના સ્મારક રૂપે બૃહદ્ જ્ઞાનમંદિર ઉઘાડી શકાય. કન્યાકેળવણી માટે પ્રત્યેક વર્ષે એકાદ પુસ્તક બહાર પડે તેવી યોજના થઈ શકે. કોઇ સ્થાયી અને ચિર-સ્મરણીય કામ થવું જોઇએ.

શ્રીમદ્ સદ્ગુણાનુરાગી શાંતમૂર્તિ એ સંતના પ્રેમીજનો આ પ્રાર્થના સાંભળશે કે ?

**ફૂલચંદ હરિચંદ દોશી મહુવાકર**

# એક ઉદાર ગુલામ

એક વાડીના રક્ષક તરિકે બેઠેલા ગુલામ પાસે એક બહુ ભૂખ્યો કુતરો આવ્યો. ગુલામે તેને ભૂખે ટળવળતો જોઇ પોતાને નોકરીને અંગે મળતા બે રોટલા ખવરાવી દીધા. કુતરો રાજી થઇને પુંછડી હલાવવા માંડ્યો. તે દૃશ્ય જોનાર એક શ્રીમાન્ ગૃહસ્થે ગુલામને પૂછ્યું કે-'તું હવે શું ખાઇશ?' તેણે કહ્યું કે-'હું રોજો ( ઉપવાસ ) કરીશ, આ કુતરો ભૂખે ટળવળે ને હું ખાઉં તે મને યોગ્ય લાગ્યું નહીં.' પેલા શ્રીમાને તેની આવી અપૂર્વ ઉદારતા જોઇ તેના માલેકને મળી તેને ગુલામીમાંથી મુક્ત કરાવ્યો અને વાડી ખરીદી લઇ ગુલામને બક્ષીસ આપી. કહો, બેમાં કોણ ઉદાર ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અભયકુમાર

( અનુસંધાન પૃષ્ટ ૩૮૩ થી )

Birds of the same feather fly together.

સંધ્યાના ઓળા પથરાવા માંડ્યા છે. સીમમાંથી સારો દિવસ અંગ તોડી મહેનત કરનાર ને ધૂળમાંથી ધાન્ય પેદા કરનાર, વળી જગતના તાત તરિકેનું બિરુદ ધરાવનાર ખેડૂતવર્ગ પોતાના વ્હાલા બળદો સહિત નગર તરફ પ્રફુલ્લ વદને પાછો ફરવા માંડ્યા છે. કારીગર ને મજૂરગણના નાનકડા સમૂહો અહીંતહીં વાતો કરતાં, દિવસની કમાણીનો આંક કાઢતાં, તેમજ આવતા દિન માટેની કામગીરી નિરધારતાં દૃષ્ટિગોચર થાય છે. એકાદા ખૂણામાં મોજીલા ને નટખટ તરિકે પ્રસિદ્ધિ પામેલા માનવીઓની મંડળી ભેગી મળી અલકમલકની વાતો કેવા શૃંગપૂચ્છવિહીન આખ્યાયિકાઓના પ્રવાહમાં મોજ માણી રહી છે.

ત્યાં સહજ એક સુંદરાકૃતિ ને વિચિત્ર વેષ–સજ્જિત વ્યક્તિએ અજાયબી પમાડે તેવી વાતો કહેવાનો આરંભ કર્યો. સૌ એ પ્રતિ કાન માંડી રહ્યા.

" જેના પ્રત્યેક ગાત્રો યૌવનાવસ્થાના તરવરાટથી ગુલાબની કળી સમા ખીલી રહ્યાં છે અને જેનો ચહેરો નિરખતાં ભલભલાના મન મુગ્ધ થાય છે. વળી જેના અંગ પર અલંકારો પણ ઉચિત રીતે પહેરેલાં હોવાથી શોભામાં વૃદ્ધિ કરે છે એવી એક તરુણી, ચંદ્રજ્યોત્સ્નાના અજવાળામાં, લગભગ મધ્ય નિશાકાળ થવા આવ્યો છે તેવા સમયે, હાથમાં પૂજનસામગ્રી સહિત વસ્તીથી દૂર નિર્જન પ્રદેશમાં એકલી ચાલી જાય છે. વિના રોકટોકે, રંચ માત્ર ગભરાટ કે ભીતિ વગર હંસગતિએ આગળ વધે છે.

ત્યાં અચાનક ચારેક ચોર સામા મળે છે. શુકનમાં જ આવું સુંદર ભક્ષ્ય મળવાથી તેના આનંદનો પાર રહેતો નથી. જલ્દી દાગીના ઉતારવાની હાકલ પડે છે.

પણ અરે! આ શું? જરા પણ ભય વિના, તરુણી નમ્ર સ્વરે કહે છે કે– ' ભાઈઓ! આ દાગીના જરૂર તમને ઉતારી આપીશ, પણ મારી પ્રતિજ્ઞા પૂરી કરીને પાછી આવું એટલી ધીરજ તમારે ધરવી ઘટે.

સાંભળો, મનપસંદ વર મેળવવા હું બગીચામાંથી ગુપ્ત રીતે ફૂલો લાવી કામદેવની પૂજા કરતી હતી. એમ કરતાં એક વાર માળીના હાથમાં પકડાણી. ખરેખરી વાત કહી દીધી; એટલે તેણે મારી પાસેથી પરણીને સાસરે જવાનીને પ્રથમ રાત્રિએ મળવાનું વચન લઈ મુક્ત કરી. આજે શ્વસુરગૃહપ્રવેશનો પ્રથમ દિન છે. પતિ સહ પ્રથમ વાર્તાલાપ કરી, મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાલ્યકાળની વાત જણાવી. વચનપૂર્તિ અર્થે આજ્ઞા મેળવી, હું માળીના આવાસ તરફ જઈ રહી છું. હાલ મને આ સ્થિતિમાં જવા દ્યો, પાછા ફરતાં આ સર્વ દાગીના આપીને જ હું ઘેર પાછી ફરીશ. મારા વચનમાં વિશ્વાસ રાખો.'

સાદી ને સીધી વાતથી ચોરોના દિલ પીગળ્યા. તરુણી આગળ વધી. થોડું અંતર કાપતાં જ રાક્ષસી માનવનો ભેટો થયો. એને પણ મોજ માણવાનો મનોરથ થયો, છતાં તરુણીમુખે સીધું ને સરલ બયાન સાંભળ્યું ત્યારે પાછા ફરવા સુધી થોભવાનું મુનાસિબ ધાર્યું.

આમ મધ્યરાત્રિ થતાં માળીના આવાસના કમાડ ઠોકાયા. જેની સ્મૃતિમાં પુષ્પચોર બાળાની પ્રતિજ્ઞાનો લવ સરખો પણ ભાગ્યે જ સંઘરાયેલો. તેણીને નજર સામે પતિગૃહેથી આવેલી અને પ્રતિજ્ઞા પાળવાને ઉત્સુક જોઈ વર્ષો પૂર્વેની વાત યાદ આવી. મશ્કરીમાં બોલાયેલ અક્ષરો ગંભીરરૂપે પરિણમ્યા નિહાળી માળીની નિદ્રા તો ઊડી ગઈ, પણ સાથોસાથ અંતરનો દરવાજો પણ ઊઘડી ગયો. તરુણી પ્રત્યે એક દીકરી જેવો સ્નેહ પ્રગટ્યો, વચન પાળવા અર્થે તેણીએ ખેડેલા સાહસ અને એમાં પતિએ પૂરેલા સુરથી એ મુગ્ધ બન્યો. તેણે વસ્ત્ર–દાગીનાની સારી ભેટ સાથે તેણીને પાછી વિદાય કરી.

તરુણીનું હૃદય આ જાતના સત્કારથી થનગની ઊઠ્યું. સાચને આંચ નથી આવતી એ વચન પ્રતિની શ્રદ્ધા બળવત્તર બની.

પણ આશ્ચર્યનો સૂર્ય મધ્યાહ્ને તો ત્યારે પહોંચ્યો કે પાછા વળતાં રાક્ષસ તેમજ ચોરો તરફથી પણ કદર્થના પામવાને બદલે માજણ્યા ભાઈ જેવો સત્કાર થયો અને વધારામાં સાસરવાસો મળ્યો ! તે પોતે પણ આનું કારણ કલ્પી શકી નહીં. સરળહૃદયી તન્વંગીના દર્શને આ કપરા માનવ અંતરોમાં પણ ઉજાશ પ્રગટાવ્યો. એ શુભ શકુને તેઓને ધાર્યા કરતાં અતિ ઘણું પ્રાપ્ત થયું. તેઓએ જ્યારે સાંભળ્યું કે–માળી જેવો પુષ્પપરીક્ષક મ્હોંમાં આવેલ કોળિયાને વિનાચાખ્યે જવા દે છે ! અરે ! સુવાસિત કુસુમને વગરસુંઘ્યે પાછું ફેરવે છે ! અને ઉપરથી પહેરામણી આપે છે તો શું તેઓ તેનાથી અધમ છે કે–આ ઉમંગભરી યુવતિના માર્ગમાં કાંટા ખડા કરે ! જીવનને ખારું બનાવે !

એમ બને જ નહીં. એનાથી અધિકો સત્કાર કરી શ્વસુરગૃહે જવા દેવામાં જ તેમની શોભા છે. એમાં જ દૈવ રાજી રહે. આમ સત્યના પ્રભાવે જુદા જુદા અંતરોમાં કોઈ અણકલ્પેલા ભાવો પ્રગટ્યા અને આ નવયૌવના લઈ ગયા કરતાં અતિ ઘણી સમૃદ્ધિ સાથે હસતે મુખડે પાછી ફરી, સ્વપતિના નેત્ર સામે ખડી થઈ. સર્વ વ્યતિકર યથાર્થ રૂપે જણાવ્યો.

બંધુઓ ! મારી આ ચમત્કારી કથા પરથી તમો સર્વને પ્રશ્ન છે કે એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે પરાક્રમ કોણે દાખવ્યું ? અથવા પતિ, ચોર, રાક્ષસ કે માળી એ ચારમાંથી કોની સહૃદયતા વધુ પ્રશંસાપાત્ર લેખાય ? ”

આમ પૂર્ણાહુતિનો ઘંટ વગાડીને એ- શ્રીટશે શ્રોતાઓ પ્રતિ તે મીટ માંડી રહ્યો. ' **मुंडे मुंडे मतिर्भिन्ना** ' એ વાક્યાનુસાર અને ' **यथा पिंडे तथा ब्रह्मांडे** ' જોવાની વૃત્તિઓથી દોરાઈ, કેટલાકે Honey Moon યાને સમાગમની પ્રથમ રાત્રિએ વ્યવહાર તથા ધર્મ—નીતિની મર્યાદાને વટાવી જનાર પતિની સાહસિકતા વખાણી, કેટલાકે મુખમાં આવેલ ભક્ષ્ય ત્યજી દેનાર માળીને પ્રશંસાપાત્ર લેખવ્યો, થોડાક રાક્ષસની પ્રશસ્તિ ગાનાર નીકળ્યા અને એકે તો ચોરને જ ધન્યવાદ આપ્યો. પરસ્પરના મંતવ્યોની ચર્ચા કરતાં સૌ વિખરાયા.

કથા કરનાર વ્યક્તિએ ચોરપ્રશંસકનું કાંડું પકડી, જરા દૂર લઈ જઈ, રૂવાબથી કહ્યું:—

' બચ્ચાજી ! આમવૃક્ષની કેરીઓ તમે જ તફડાવી છે ને ? '

ચોર—કેમ રે ! વાર્તાના રસમાં—તરુણીના નાદમાં દીવાનો તો નથી બન્યો ને ? વચમાં કેરીઓની વાત ક્યાંથી લાવ્યો ? હજુ વસંતની ઇતિશ્રી થયા વિના ગ્રીષ્મના આગમન કેવા ?

અભય—એક તો કરી ચોરી, હવે કરવી શિરજોરી ! પણ મને પીછાની લે એટલે આપોઆપ સમજાશે કે કથાકાર વ્યક્તિ અન્ય કોઈ નહિ પણ મગધના સ્વામીનો મહામંત્રી અભય છે. કથાના નિમિત્તથી એણે ચોર પકડી પાડ્યો છે.

મંત્રીશ્વરનું નામ શ્રવણ કરતાં જ દીવાનો કહેનાર પોતે જ એરંડીયું પીધેલ જેવો બની ગયો ! ગરમીનો પારો એકાએક ઊતરી ગયો. ગુન્હો કરનાર જે ગભરામણ અનુભવે અને ભાવી વિટંબણાથી ધ્રૂજી ઊઠે તેવી એના દેહની સ્થિતિ થઈ. સત્તાસૂચક અવાજ છતાં પ્રેમાળ વાણીથી મંત્રીએ જણાવ્યું—' ભાઈ ! ગભરાવાની જરૂર નથી, મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે; તેથી જ To err is human યાને **मनुष्या विस्मरणशीलाः** જેવી ઉક્તિઓ પ્રચલિત બની છે, છતાં ખરેખરું વૃતાન્ત કહીશ તો જીવને જોખમ નહીં થવા દઉં. વાર્તામાંની નવયૌવના સમ 'સત્ય' પર ભરોસો રાખી ગુન્હો કબૂલી લે. '**सत्यमेव जयते**' એ વાક્ય ત્રિકાળાબાધિત જ છે. સારાયે રાજગૃહમાં એ એક જ ઉદ્યાન એવું છે કે જ્યાં સદૈવ છએ ઋતુના ફળ નીપજે છે. એમાં વસનાર પટરાણી વિશાલાપતિ મહારાજા ચેટકની પુત્રી ચેલણા સતી નારી છે, એના નિમિત્તે દૈવી—સહાયથી આ ઉદ્યાનના મંડાણ થયા છે. સતત જ્યાં ચોકીપહેરો રહે છે ત્યાંથી કેરીઓ લાવવાનું ત્હારું સાહસ પણ કાળીનાગના મ્હોંમાં હાથ નાંખવા જેવું જ ગણાય. એની પાછળ મને તો વિદ્યાની મદદ અને કોઈ ખાસ કારણનું અનુમાન થાય છે. આવી

For Private And Personal Use Only

નાનો—ની ચીજ સારુ પાકો ચોર આ જાતના બળતા અગ્નિકુંડમાં ન કૂદી પડે.'

'મંત્રીશ્વર! આપ વયમાં ભલે ન્હાના હો પણ પ્રજ્ઞાભારથી નમેલા યાને વૃદ્ધના અનુભવને પણ ટક્કર મારો તેવા છો. હજારોને છક્કડ મારી, અદ્યાપિ કોઈના પંજામાં ન આવનાર, તથા સલામત રીતે જીવનનૌકા વહન કરનાર હું આજે તમારી ચુંગાલમાં સપડાયો છું તે એક જ કારણથી—મારી ગર્ભવતી પ્રિયાને આમ્રફળ ખાવાનો દોહદ થયો. એ અણપૂર્યો કેમ રખાય? એટલે જ અવનામિની વિદ્યાના જોરે ગઢ બહાર રહી, વૃક્ષને નમાવીને ઉદ્યાનના વૃક્ષ પરથી મેં કેરીઓ મેળવી. ચોકીદારોને એની ગંધ સરખી પણ ન આવી અને કોટવાળનો ગજ પણ ન વાગ્યો. માનસશાસ્ત્રના અભ્યાસી તમે જો ન મળ્યા હોત તો એ વાતનો પડદો આટલો જલ્દી ન ઉઘડત. હવે ચાહે તો મારો યા જીવાડો. આ જ સાદ્યંત સાચેસાચો વ્યતિકર છે.'

ઉપરનો બનાવ વાર્તાના ચાલુ પ્રવાહને સહજ જોડી દે છે. ચેલણા પ્રતિ દૃઢ પ્રેમ ધરાવનાર શ્રેણિકભૂપને સખત રક્ષણ વચ્ચેથી આમ્રફળ ગયાનું દુ:ખ વિશેષ લાગ્યું. રાજાની આંખમાં ધૂળ નાંખીને વસ્તુ પ્રાપ્ત કરવી એ અશક્ય જ ગણાય. ત્યાં તો વિનંતિ જ શોભે. આ બનાવે ભૂપાળનો ગુસ્સો વધારી મેલ્યો. ચોરને પકડાતાં આખરી પયગામ આવ્યો અભયના શિરે કે 'ગમે તેમ કરી ચોરને પકડી લાવો, નહિં તો તેની શિક્ષા તમે ભમો.' કોચા આસન સાથે જ ભારી જવાબદારી લખાયેલી છે. એવો ક્રમ અનાદિ છે. ચોરનો પત્તો મળ્યાનું સાંભળતાં જ મગધેશનો કોપ વધી પડ્યો. મંત્રી નિવેદન કરે તે પૂર્વે ચોરને ફાંસીને માચડે ચડાવી દેવાનો હુકમ થયો અને એ સામે હરફ પણ કોણ ઉચ્ચરે?

**आज्ञालंघो नरेंद्राणाम्, अशस्त्रवधमुच्यते**

સર્વત્ર અંધકાર હોય ત્યાં બુદ્ધિમાન કિરણ ફેંકી શકે. કેમકે—'Knowledge is power' અથવા તો **बुद्धिर्यस्य बलं तस्य** એ ટંકશાળી વચન છે. અભયકુમારે હિંમતપૂર્વક રાજા પાસે આવીને નમ્રતાથી ઉચ્ચાર્યું: 'મહારાજ! આ આમ્રફળનો ચોર.'

શ્રેણિક—એને શિક્ષા કરવાનો હુકમ અપાઈ ગયો છે. એમાં ખુદ ત્હારા આગ્રહથી પણ ફેરફાર ન કરવો એવો મારો નિશ્ચય છે. મારી આંખે પાટા બાંધી જનારને મ્હારે સખ્ત નશિયત કરી પ્રજામાં ધડો બેસાડવો જોઈએ. એ સમયે ગુન્હાનું પ્રમાણ નથી જોવાતું, પણ આસપાસના સંજોગ જોવાય છે.

અભય—સ્વામી! એ બધું સાચું, પણ એ વ્યક્તિ પાસે રહેલ વિદ્યા તો ગ્રહણ કરી લ્યો; નહિતર ચોરના મૃત્યુ સાથે વિદ્યાનું પણ મૃત્યુ થશે.

શ્રેણિક—તો પછી વિલંબ ન કરો. ઝટ લાવો એને અહીં. પહેલું કામ એ જ કરો.

ચોરે આસને બિરાજેલ રાજવીને વારંવાર અવનામિની વિદ્યાનો મંત્ર સંભળાવ્યો, પણ રાજવીને સ્મૃતિ...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...ના શબ્દો કેમે કરી સ્થિર થયા જ નહીં. ...થી નૃપને એની દાનતમાં વહેમ પડ્યો. ...ાં તો અભયકુમારે ધ્યાન ખેંચ્યું—

'મહારાજ ! વિદ્યાનું ગ્રહણ તો ...નયપૂર્વક થાય. વિદ્યાગુરુને ઉચ્ચાસને ...સાડી આપ સામે બિરાજો તો જ એ ...ખી શકાય. 'વિનય વિના વિદ્યા મળે ...હીં' એ વાત આપ સમજો છો જ.'

જ્યાં આ ફેરફાર થયો કે અલ્પ કાળમાં ...દ્યા કંઠાગ્ર થઇ ગઇ. રાજાની ગરજ સરી ...થી સેવકોને તેમની આજ્ઞા યાદ આવી. ...બોલ્યા—ચાલ ભાઈ ચોર! આગળ થા.

અભયકુમાર બોલી ઊઠ્યો—સબૂર કરો. ...હારાજ ! વિદ્યાગુરુને કંઇ દક્ષિણા આપી ખાલી હાથે વિદાય કરો છો ? દેવ—...ના દર્શન ખાલી હાથેન જ શોભે. વિદ્યા-...ના ગુરુનો ઉપકાર કદી પણ ન વિસરાય.

રાજા—તો પછી આપો સોનામહોરો જલ્દી પતાવો કાર્ય, ક્યાં સુધી ...મ અણગમતો રહે ?

અભય—જ્યાં જીવનનુ અસ્તિત્વ નથી ...નું ત્યાં સોનામહોરો આપવાથી શું ? એ કરતાં તો જીવનદાન એ જ શ્રેષ્ઠ દક્ષિણા છે. ગુરુનું સ્થાન અવધ્ય જ લેખાય.

આમ યુક્તિથી નૃપનો રોષ ઠંડો પાડ્યો અને ચોરનું કાર્ય સધાયું. જ્ઞાનનું ગૌરવ સ્વીકારી શ્રેણિક ભૂપાળે ચોરને સોનામહોરોની ભેટ આપી વિદાય કર્યો.

અભયકુમારની બુદ્ધિએ ચોરનો જીવ બચાવ્યો, એટલું જ નહિ પણ માનસશાસ્ત્રના અભ્યાસીએ આમ્રફળ જેવા તો કઇક કોયડા ઊકેલ્યા.

એક રાંકની દીક્ષા સામે આંગળી ચીંધનાર વર્ગને ધનના ત્રણ ઢગલા કરી, જે આજીવન ટાઢા પાણીને ન અડકે, જે આજીવન અગ્નિનો ઉપયોગ ન કરે, અથવા તો જે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારે, તેને અકેક ઢગલો આપી દેવાની જાહેરાત કરી, એમ કરવામાં સમાયેલ અમાપ આત્મબળનું જનતાને ભાન કરાવી રાંકની દીક્ષા એ કેવળ ઉદરપૂર્તિ અર્થે નહોતી એ સાબિત કરી દેખાડ્યું. અને એની પાછળ રહેલ 'ત્યાગ' ના દર્શન કરાવ્યા.

**ચોકસી**

## ચિદાનંદજીકૃત પદ

ચલના જરૂર જાકું તાકું કૈસે સોવના ? ચલના જરૂર૦
ભયે જબ પ્રાતઃકાળ, માતા ધવરાવે બાલ;
જગજન કરત સકલ મુખ ધોવના. ચલના૦ ૧
સુરભિકે[1] બંધ છૂટે, ઘવડ ભયે અપૂઠે;
ગ્વાલબાલ[2] મિલકે વિલોવત વિલોવના. ચલના૦ ૨
તજ પરમાદ જાગ, તું ભી તેરે કામ લાગ;
ચિદાનંદ સાથ પાય, વિરથા ન ખોવના. ચલના૦ ૩

[1] ગાયના. [2] ગોવાળીયાના બાળકો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનપત્રનો મેળાવડો

અમારી સભાના વાઇસ પ્રેસિડેન્ટ રા. રા. જીવરાજભાઇ ઓધવજી દોશીને ભાવનગર સ્ટેટના સરન્યાયાધીશની પદવી પ્રાપ્ત થતાં સભાએ કરેલા ઠરાવ પ્રમાણે ટિફિનપાર્ટી સાથે તેમને એક માનપત્ર આપવાનો મેળાવડો પોષ શુદિ ૧૫ તા. ૧૬-૧-૩૮ રવિવારના રોજ સભાના મકાનમાં સભાના ભાવનગરનિવાસી મેમ્બરો ઉપરાંત રાજ્યના અધિકારીઓ અને આગેવાન વેપારીઓ વિગેરેની હાજરીમાં કરવામાં આવ્યો હતો. આમંત્રિત અધિકારીઓ, વેપારીઓ અને સભાસદો સારી સંખ્યામાં પધાર્યા હતા. પ્રમુખસ્થાન રા. રા. ભાસ્કરરાવભાઇ વિઠ્ઠલદાસ મહેતા જ્યુડીયલ આસીસ્ટંટસાહેબને આપવામાં આવ્યું હતું.

પ્રારંભમાં આમંત્રણપત્રિકા વંચાયા બાદ શ્રી વૃદ્ધિચંદ્રજી જૈનશાળાના વિદ્યાર્થીઓએ મંગલાચરણ તથા સ્વાગત, સંગીત સાથે મધુર સ્વરથી કર્યું હતું. પછી શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇએ નવા બનાવેલા શ્લોકો અર્થ સાથે વાંચ્યા હતા. ત્યારબાદ પ્રમુખ સાહેબની આજ્ઞાથી સભાના સેક્રેટરી ભાઇ ચુનીલાલ નાગરદાસ મહેતાએ નીચે મુજબનું માનપત્ર વાંચ્યું હતું.

### વિદ્યાવિલાસી, ધર્મપ્રિય, કર્તવ્યપરાયણ, સૌજન્યાદિ ગુણાલંકૃત, ધર્મબંધુ

## રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી

### બી. એ. એલએલ. બી. સરન્યાયાધીશ સાહેબ, ભાવનગર સ્ટેટ.

આપણા ભાવનગર સંસ્થાનના મુખ્ય ન્યાયાધીશ ( ચીફ જજ ) તરિકેની આપશ્રીની નીમણુક એ આજે અમારે મન અતિશય હર્ષપ્રદ અને મહાન ગૌરવનો વિષય બન્યો છે.

બુદ્ધિમત્તા, ઉમંગ, ચાતુર્ય અને કર્તવ્યપરાયણતા આપશ્રીના જીવન સાથે ઓતપ્રોત થયેલા હોઇને જે સમયે અંગ્રેજી ઉચ્ચ કેળવણીનો લાભ લેનાર વ્યક્તિઓની સંખ્યા અલ્પ હતી ત્યારે દૃઢ મનથી આપશ્રી ઉચ્ચ અભ્યાસમાં આગળ વધ્યા અને સં. ૧૯૬૩ ની સાલમાં બી. એ. એલએલ. બી.ની ઘણી કઠિન ગણાતી પરીક્ષામાં પ્રથમ વર્ષે જ અને પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા તે હર્ષાસ્પદ પ્રસંગે આ સભાએ એક લઘુ માનપત્ર અર્પણ કરી આપનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્કાર કર્યો હતો, તે પ્રસંગ આજે અમોને યાદ આવતાં અમારાં અંતઃકરણ પ્રફુલ્લ બને છે.

સં. ૧૯૬૪ માં આપ ભાવનગર રાજ્યના ન્યાયખાતામાં જોડાયા અને મહાલોમાં આપના નિર્મળ ન્યાય તથા સુંદર કારકિર્દીવડે આપને ભાવનગરની સ્થાનિક કોર્ટમાં સ્થાન મળ્યું. અહીં પણ નિર્મળ પ્રમાણિકવૃત્તિ તેમજ સચોટ કાર્યશૈલીથી ક્રમેક્રમે આગળ વધ્યા અને આજે ન્યાયખાતાની ઉચ્ચ કોટિના માનવંતા પદને પામ્યા. આપશ્રીનો આવો ઉત્કર્ષ જોઇને અમોને ઘણો જ ઉલ્લાસ થાય છે.

ન્યાયખાતાનું કાર્ય ઘણું જોખમદારીવાળું છે તેમાં પણ આપ અહીંના વતની હોવાથી નિઃસ્વાર્થપણે ફરજ બજાવવી તે વધારે મુશ્કેલીભર્યું છે, પરંતુ આપે દિનપ્રતિદિન પ્રતિષ્ઠામાં વૃદ્ધિ પામતાં તટસ્થવૃત્તિથી પ્રમાણિકપણે વફાદારીપૂર્વક એકનિષ્ઠાથી જ સેવા બજાવી કે જેથી આપ આજે આવો માનવંતો હોદ્દો મેળવવા ભાગ્યશાળી બન્યા.

**सत्यं परं भूषणम्**—' મનુષ્યનું સાચું ભૂષણ સત્ય છે. ' એ ભૂષણવડે આપ અલંકૃત છો તે કેટલાક પ્રસંગે મહેરબાન કાઉન્સીલર સાહેબ ખાનબહાદુર ગોઘાવાળા સાહેબે આપના અદલ ઇન્સાફથી પ્રેરાઇને આપની પ્રશંસા કરેલ છે તેથી સ્પષ્ટ થાય છે અને આપની યોગ્યતા પણ જણાઇ આવે છે.

આપ પ્રથમથી ગર્ભશ્રીમંત ન હોવાને લીધે ગરીબો અને દુઃખીઓના દુઃખો સ્હેજે સમજી શકો છો, તેથી વિકટ પ્રસંગોમાં પણ આપ સહનશીલતાથી પુરુષાર્થ સાધવાનો ઉત્તમ બોધ અન્યને પૂરો પાડો છો.

કેવળ જડવાદ તથા બુદ્ધિવાદથી ઉભરાતા આ જમાનામાં પણ આપનું ધર્મપરાયણ જીવન આપને જૈનધર્મના સિદ્ધાંતના કઠિન આગમાદિ ગ્રંથોનાં વાંચન, પરિશીલન અને અભ્યાસમાં પ્રેરક બન્યું છે અને આપ વિદ્યાવ્યાસંગી હોવાથી અનેક પ્રસંગોમાં આપનો ધર્મ ઉપરનો પ્રેમ તરી આવે છે. વળી આટલી ઉમ્મરે પણ આપ ધર્મશાસ્ત્રના અભ્યાસી અને ઉપાસક છો તેમજ ધાર્મિક જ્ઞાનનો વિનિમય કરવા ઉત્સુક રહો છો તે સદ્ગુણ આપણા સમાજના બંધુઓને ખાસ અનુકરણીય છે.

અહીંની જૈન કોમમાં આપ એક અગ્રેસર છો અને આપણા તપગચ્છ સંઘના મોભાદાર ગણાતા આગેવાન વર્ગમાં પણ આપનું અગ્રસ્થાન છે જેથી ઘણા પ્રસંગોએ આપની અમૂલ્ય સલાહનો લાભ સમાજને મળ્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ આ સભાના માનવંતા ઉપપ્રમુખ છો, શ્રી ભાવનગર પાંજરાપોળની વ્યવસ્થાપક કમીટીના પ્રમુખ છો અને શ્રી ભાવનગર જૈન બોર્ડીંગના માનદ મંત્રી તેમજ શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના પ્રાંતિક મંત્રી છો; તેથી એ દરેક સંસ્થાને આપની અમૂલ્ય સેવા અને સલાહનો લાભ મળ્યા કરે છે અને એ આપની લોકપ્રિયતા સાબિત કરે છે.

નેકનામદાર મહારાજા સાહેબે કૃપાદૃષ્ટિથી આપને આવી ઉચ્ચ કોટિની પદવી એનાયત કરી છે તેથી અમો તે માન્યવર સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનવાની આ તક હાથ ધરીએ છીએ.

જેમ જેમ આપ ઉચ્ચ પદવી પ્રાપ્ત કરો છો તેમ તેમ આપણા સમાજ પ્રત્યેની આપની ફરજ પણ વૃદ્ધિ પામતી જાય છે, તેથી જૈનસમાજના ઉન્નતિના કાર્યપ્રસંગે આપની અમૂલ્ય સેવાનો લાભ નિરંતર આપ્યા કરશો એવી અમો આશા રાખીએ છીએ.

પ્રાન્તે આજે એકત્રીશ વર્ષે ફરી વાર આપને આ દ્વિતીય માનપત્ર અર્પણ કરતાં અમારાં હૃદય હર્ષથી ઉભરાય છે અને હજુ પણ દિનપ્રતિદિન આપશ્રી યશસ્વી જીવન ગાળો, વિશેષ સુખસંપત્તિ મેળવો અને દીર્ઘકાળ પર્યંત જૈન કોમની સેવા બજાવવા ભાગ્યશાળી થાઓ એવી અંતઃકરણની અભ્યર્થના સાથે અમે વિરમીએ છીએ.

અમો છીએ આપના હિતચિંતકો,

**કુંવરજી આણંદજી. પ્રમુખ.** **ચુનીલાલ નાગરદાસ. ઓ. સે.**
**અમરચંદ ઘેલાભાઈ. ઓ. સે.** **નેમચંદ ગિરધરલાલ. ખજાનચી.**

**અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સભાસદો.**

ત્યારબાદ દીવાનબહાદુર રા. રા. ત્રિભુવનદાસ કાળીદાસ, રા. રા. વીરેંદ્રપ્રસાદ ચંદ્રપ્રસાદ દેશાઈ, રા. રા. મોતીચંદ ઝવેરચંદ મહેતા અને વકીલ ગુલાબરાય ગોવિંદરામ દેશાઈની અભિનંદન અને આશીર્વાદસૂચક આવેલી પત્રિકાઓ વાંચવામાં આવી હતી. પત્રિકાઓનું લખાણ ખાસ આકર્ષક અને મનનીય હતું.

ત્યારબાદ પ્રમુખની આજ્ઞાથી નીચે જણાવેલા વક્તાઓએ અવસરોચિત ભાષણો કર્યાં હતાં.

૧ વકીલ જગજીવનદાસ શિવલાલ ૨ માસ્તર શામજી હેમચંદ દેશાઈ
૩ શેઠ દેવચંદભાઈ દામજી ૪ શા. છોટાલાલ ત્રિભુવનદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ રા. રા. જીવરાજભાઈએ માનપત્ર સંબંધી અને વક્તાઓના વક્તવ્ય સંબંધી તેમજ પત્રિકાઓના લેખક મહાશયોને અંગે યથાયોગ્ય ઉત્તર આપતાં પોતાની નમ્રતા પ્રદર્શિત કરી હતી, અને તે સાથે માનપત્રદાતા સભા વિગેરેનો અંતઃકરણથી આભાર માનવા ઉપરાંત આ બધું પોતાની ઉપરના પ્રેમના પરિણામ તરિકે જણાવી તેમાં દર્શાવેલી શુભેચ્છાઓ અનુસાર યોગ્યતા મેળવવાની જિજ્ઞાસા જણાવી હતી.

ત્યારબાદ પ્રમુખસાહેબે બધી હકીકતનો સાર અને રહસ્ય જણાવી તેમજ કેટલીક બાબતના ખુલાસાઓ આપી સભ્યોના દિલનું રંજન કર્યું હતું. પ્રાંતે પોતાને આપેલા પ્રમુખસ્થાન માટે સભાનો આભાર માન્યો હતો.

ત્યારબાદ ટિફિનપાર્ટીની શરૂઆત કરવામાં આવી હતી. ચા–ટિફિનને ઇનસાફ આપ્યા બાદ પ્રમુખસાહેબે તેમજ અન્ય અધિકારીઓ અને સંભાવિત ગૃહસ્થોએ લીધેલી તસ્દીને માટે સભા તરફથી શેઠ ગુલાબચંદ આણંદજીએ આભાર માન્યો હતો. પ્રાંતે પાનસોપારી અને પુષ્પહારાદિવડે સત્કાર થયા બાદ મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જૈન સંગીત કળા મંડળના તરુણોએ બેન્ડ સાથે કાર્યમાં ભાગ લીધો હતો અને પ્રસંગને વધારે દીપાવ્યો હતો.

## વક્તા તરિકે માસ્તર શામજી હેમચંદે ગાયેલ કવિતા

જગની નિંદા કે સ્તુતિથી લેશ માત્ર પણ નહિં ડરતા,
ન્યાય માર્ગના રસ્તા પર રહી ઉચ્ચ ઉચ્ચ કાર્યો કરતા;
એવા નરના અભ્યુદયથી અમને પુષ્કળ પ્રગટે માન,
**ઉત્સાહી જીવરાજભાઈનું અંતરથી કરીએ સન્માન.** ૧
નાની વયના વિદ્યાર્થી પર જે નિશદિન રાખે છે પ્રેમ,
તેને આગળ વધતા દેખી હર્ષ અતિશય નાવે કેમ ?
જૈન પ્રજાને જાગૃત કરવા જેના અંતરમાં છે માન,
ઉત્સાહી જીવરાજભાઇનું અંતરથી કરીએ સન્માન. ૨
અખૂટ ખજાનો જ્ઞાનતણો માનીને તે પર ધરતા પ્યાર,
મોટી વયમાં પણ છે જેને જ્ઞાનધ્યાન પર હર્ષ અપાર;
સર્વ સભામાં નિર્ભય રહીને જ્ઞાનામૃતનું પાયે પાન.
ઉત્સાહી જીવરાજભાઇનું અંતરથી કરીએ સન્માન. ૩
ભાસ્કરનો અભ્યુદય થાતાં તિમિર સ્હેજે નાસી જાય,
ન્યાયી રાજ્ય શ્રી કૃષ્ણ ભૂપનું પ્રકાશમય તેથી દેખાય;
શ્યામ કૃપાથી સભા પ્રસારક ઝળહળતી આજે દેખાય,
ઉત્સાહી જીવરાજભાઇનું અંતરથી કરીએ સન્માન. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

१ **श्री तीर्थंकर चरित्र**–श्री अमरचंद्रसूरिकृत चोवीशे तीर्थंकरना संक्षिप्त चरित्रोना भाषांतर करावी छपावी प्रसिद्ध करनार श्री जैन आत्मानंद सभा, भावनगर चरित्रो संक्षिप्त छे छतां वांचतां आनंद उपजे तेम छे. तेमां पण १–१६–१९–२०–२२–२३–२४ आ सात प्रभुना चरित्रो केटलाक विस्तार साथे आपेला छे. किंमत दश आना.

२ **जीवनहितद्वात्रिंशिका**–न्यायव्या. न्या.तीर्थ मुनिराज श्री न्यायविजयजीविरचित. इंग्लिश, संस्कृत ने गुजराती–त्रण भाषामां आ बत्रीशी श्री धर्मप्रभावक ग्रंथावळी नं. ४ तरीके श्री युवक संघ–वडोदरा तरफथी छपाइने बहार पडेल छे. किंमत बे आना.

३ **जिनवाणी**–( तुलनात्मक दर्शनविचार ) मूळ हिंदी लेखक हरिसत्य भट्टाचार्यजी. अनुवादक सुशील–भावनगर. श्री नगीनदास ग्रंथमाळा पुस्तक १ लुं, प्रकाशक–वैद्यराज नगीनदास छगनलाल शाह–अमदावाद. किं. बार आना. पृष्ट २३२. खास वांचवा लायक छे. अनुवादकनो प्रयास स्तुत्य छे.

४ **श्री पर्वतिथि चर्चासंग्रह**—परिच्छेद पहेलो. लेखक–मुनि श्री कल्याणविजयजी.

५ **श्री पर्वतिथि प्रकाश**—श्री तत्त्वतरंगिणीनो विशिष्ट विवेचनात्मक अनुवाद. लेखक श्री जंबूविजयजी गणि.

६ **सांवत्सरिक शास्त्रीय विचार**—लेखक पंन्यास श्री मंगळविजयजी गणि.

७ **सांवत्सरिक पर्वतिथि विचारणा**—लेखक मुनिराज श्री जनकविजयजी.

आ नं. ४ थी ७ सुधीनी चारे बुको संवत्सरी संबंधी पोतपोताना विचारो जणावनारी छे. ते संबंधमां रिव्यु लइने विशेष विचार जणाववो उचित लागतो नथी.

८ **जैन पंचांग पद्धति**—लेखक मुनि दर्शनविजयजी. फुल्सकेप साइझना ८१ पृष्ठवाळो आ लेख घणा शास्त्राधारो साथे अने विवेचनयुक्त बहु प्रयास करीने तैयार करेल छे. ते श्री चारित्र स्मारक ग्रंथमाळा–विरमगाम तरफथी बहार पडेल छे. मध्यस्थ वृत्तिए लखाण करेल जणाय छे.

९ **श्री विद्याविजयजी महाराजना व्याख्यानो**—भाग पहेलो, प्रकाशक त्रीकमचंद तुळशीदास महेता–करांची. किंमत चार आना. आ बुकमां उक्त महाराजश्रीना विद्वत्तापूर्ण ७ व्याख्यानो आपेला छे. पृष्ठ १०० छे. आ व्याख्यानोए करांचीखाते घणा लाभ साथे उपकार कर्यो छे.

१० **श्री जैन कुसुमावळी**—( धार्मिक अभ्यासक्रम ) प्रकाशक ने प्रयोजक मास्तर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંગળદાસ મનસુખરામ શાહ–અમદાવાદ. ધાર્મિક શિક્ષક. કિંમત છ આના. આ બુકમાં એજ્યુકેશન બોર્ડના ધોરણાનુસાર બાળ ધોરણ ૧–૨, પુરુષ ધોરણ ૧ લું, કન્યા ધોરણ ૧–૨ અને સ્ત્રી ધોરણ ૧–૨–૩ તથા રાજનગર પરીક્ષા ધોરણ ૧–૨–૩–૪ માં આવતી તમામ બાબતો, પરચુરણ જરૂરી હકીકત તથા પદ્મસ્તવનમાળા આપેલ છે. પ્રયાસ સ્તુત્ય છે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા આપવા ઇચ્છનારને ખાસ ઉપયોગી છે.

**૧૧ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા**—મુનિ શ્રી દર્શનવિજયજીકૃત કિં. રૂા. ૦–૧–૦.

**૧૨ શ્રી હેમચંદ્રવચનામૃત**—શ્રી ત્રિ. શ. પુ. ચરિત્રમાંથી ઉદ્ધરીને ગુજરાતી અર્થ સાથે તૈયાર કરનાર મુનિરાજ શ્રી જયંતવિજયજી. એકંદર ૬૧૫ વચનામૃતો. શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળાના મણકા ૩૬ મા તરિકે તે ગ્રંથમાળાના મંત્રી દીપચંદ બાંઠીયા ઉજ્જૈનનિવાસીએ છપાવીને બહાર પાડેલ છે. દરેક વચનો અમૂલ્ય છે છતાં બુકનું મૂલ્ય આઠ આના રાખેલ છે. અમારે ત્યાંથી પણ મળશે.

**૧૩ સંક્ષિપ્ત જૈન ઇતિહાસ**—ભાગ ૩ જો, ખંડ ૧ લો. બાબૂ કામતાપ્રસાદજી, અલીગંજનિવાસીએ તૈયાર કરેલ તે " દિગંબર જૈન " માસિકની ૩૦ મા વર્ષની ભેટ તરીકે અને સૌ. સવિતાબાઇ સ્મારકમાળાના ૭ મા મણકા તરીકે હિંદી ભાષામાં અને શાસ્ત્રી ટાઇપમાં છપાવીને બહાર પાડેલ છે. પ્રકાશક મૂળચંદ કિસનદાસ કાપડિયા–સુરત. કિં. ૧-૦-૦ લેખકનો પ્રયાસ સ્તુત્ય છે. તેના પ્રથમના ભાગો પણ વાંચવા લાયક છે. એમાં દક્ષિણ ભારતના જૈન ધર્મનો ઇતિહાસ આપેલો છે.

**૧૪ શ્રી લઘુપૂજનવિધાન—સુબોધ સંગ્રહ**–કર્તા પુનમચંદ મંગળજી, અધ્યાપક–છાણી. પ્રારંભમાં એક ગૃહસ્થનું જીવનચરિત્ર, પછી કેટલીક વિધિઓ અને પ્રાંતે કેટલાક વચનામૃતો આપેલા છે. કિંમત રાખવામાં આવી નથી.

**૧૫ પંચરત્ન**—સમ્રાટ્ શ્રેણિક, શ્રીનેમિનાથસ્વામી, ચંદ્રગુપ્ત, સમ્રાટ્ ખારવેલ ને વીર ચામુંડરાયના સંક્ષિપ્ત ચરિત્રો આપેલા છે. લેખક બાબૂ કામતાપ્રસાદજી જૈન છે. આ બુક પણ " દિગંબર જૈન "ના ગ્રાહકોને ભેટ આપેલ છે.

**૧૬ આત્મવિચાર**—પ્રયોજક ને પ્રકાશક મણિલાલ મહોકમચંદ ઉદાણી–રાજકોટ. તેમના સ્વ. બંધુ શાંતિલાલ જગજીવનદાસના શ્રેયાર્થે છપાવેલ છે.

**૧૭ બ્રહ્મદત્તચરિત્ર**—મૂળ માગધી અને તેનું ભાષાંતર ઇંગ્રેજીમાં આપવામાં આવેલ છે. લેખક વી. એમ. શાહ એમ. એ. અર્ધમાગધીના પ્રોફેસર–અમદાવાદ. પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ. કિંમત લખી નથી.

**૧૮ શ્રી હૈમલિંગાનુશાસન**—કર્તા શ્રી હેમચંદ્રાચાર્ય. ટીપ્પનિકાયુક્ત સંપાદક ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજી ગણિ. પ્રકાશક વૈદ્યરાજ વિનોદચંદ મોહનચંદ–સુરત, મહિધરપુરા. સ્વ. પુત્ર રશ્મિકાંતના સ્મરણાર્થે છપાવેલ છે. ભેટ આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૯ શ્રી મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ**—( ઉત્તરાધ્યયન સૂત્રનો છાયાનુવાદ ) સંપાદક ગોપાળદાસ જીવાભાઇ પટેલ. પ્રકાશક જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ–અમદાવાદ. કિં. રૂા. ૧–૦–૦ સંપાદકે આવા પ્રકારનો પ્રથમ બે સૂત્રો માટે પ્રયાસ કરેલો છે. તેનો આ ત્રીજો પ્રયત્ન છે. જૈન શૈલીનો અપૂર્ણ બોધ હોવાથી સ્ખલનાઓ જણાય છે.

**૨૦ થી ૨૩ વિવિધ વિષય વિચારમાળા**—ભાગ ૧–૨–૩–૪ લેખક મુનિરાજ શ્રી મણિવિજયજી મહારાજ. અનેક વિષયોનો ગુજરાતી ભાષામાં સંગ્રહ કર્યો છે. પ્રકાશક લખમશી જેશંગભાઇ પાનસર, શ્રી શીહોર સંઘ, શ્રી બોરૂ સંઘ અને શ્રી આમોદ જૈન સંઘ છે. કિંમત રાખેલી નથી. શુમારે ૧૦ વર્ષ અગાઉ છપાયેલી છે. કિંમત રાખી નથી.

**૨૪ શ્રી જિનચંદ્ર ભક્તિસુધારસ**—યોજક મુનિરાજ શ્રી હંસસાગરજી. પ્રકાશક સંઘવી શાંતિલાલ વીઠ્ઠલદાસ–ગોઘા. મૂલ્ય સદુપયોગ. જુદા જુદા જૈનાચાર્યો ને મુનિઓના કરેલા ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વિગેરેનો પ્રયાસપૂર્વક સંગ્રહ કરેલો છે.

**૨૫ આત્મજ્યોતિ**—( શ્રીમદ્ રાજચંદ્રની કૃતિઓનો અલ્પ સંગ્રહ. ) સંગ્રાહક ભાયાણી હરિલાલ જીવરાજ–ભાવનગર. પ્રકાશક ઉંઝા ફાર્મસી–ઉંઝા. કિંમત છ આના. આ શ્રીમદ્ રાજચંદ્રની કૃતિઓમાંથી સાર સાર ચૂંટીને ગદ્ય તથા પદ્યરૂપે કરેલો સંગ્રહ છે. ચૂંટણી સારી કરી છે.

**૨૬ મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર**—સંગ્રાહક ભોગીલાલ નગીનદાસ શાહ. પ્રકાશક ઉંઝા ફાર્મસી. કિંમત બે આના. આમાં પણ ઉપર પ્રમાણે ચૂંટણી કરેલી છે.

**૨૭ ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજીની જીવનરેખા**– સંપાદક જયંતિલાલ છોટાલાલ શાહ, કોચરબ. અમદાવાદ. એક મુનિનું જીવનચરિત્ર છે.

**૨૮ જ્યોતિઃકલ્પલતા**—લેખક મુનિ શ્રી શાંતિવિમળજી. પ્રકાશક શ્રી અમૃત–હિંમત ગ્રંથમાળાના સેક્રેટરી અમીન મગનભાઇ ડાહ્યાભાઇ. નાંદોલ ( દહેગામ ). એમાં જ્યોતિષને લગતો કેટલોક ઉપયોગી સંગ્રહ કરેલો છે.

**૨૯ મુનિ વિદ્યાવિજયના વચનામૃતો**—સંગ્રાહક માવજી દામજી શાહ–ઘાટકોપર. પૃષ્ઠ ૨૪. કિંમત ત્રણ આના. સમયને ઓળખો એ નામની ઉક્ત કર્ત્તાની લખેલી બુકમાંથી ઉદ્ધરિત ૧૦૮ પ્રેરક વચનોનો સંગ્રહ છે.

**૩૦ અધ્યાત્મપદ્યાવળી ભાગ ૧ લો**—પ્રયોજક મુનિરાજ શ્રી નયવિજયજી. પ્રકાશક શ્રી જૈન ધર્મપ્રચારક મંડળી, બોટાદ. કિંમત બે આના. દર્શન–મિત્ર–નય–અમૃત–જ્ઞાનગુંજનના પદો ૭૪. મુનિ નયવિજયજીની બનાવેલી નવીન કૃતિ છે.

**૩૧ સુભાષિત પદ્ય રત્નાકર ભાગ ૩ જો**—સંગ્રાહક ને અનુવાદક મુનિરાજ શ્રી વિશાળવિજયજી. પ્રકાશક દીપચંદ બાંઠીઆ, મંત્રી શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, છોટાશરાફા–ઉજ્જૈન. કિંમત રૂા. ૧–૪–૦ અમારે ત્યાંથી પણ મળશે. એમાં જુદા જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૦ વિષય પર ૧૦૦૦ શ્લોકો અર્થ સાથે આપેલા છે. પ્રયાસ સ્તુત્ય છે. હિતશિક્ષાનો ભંડાર છે. ત્રણે ભાગ ખાસ વાંચવા લાયક છે.

**૩૨ શ્રી કલ્પસૂત્ર સુબોધિકા ટીકા**—શ્રી વિનયવિજયોપાધ્યાય કૃત. શ્રી સુરત-નિવાસી શેઠ ચંદુલાલ છગનલાલ તથા શેઠ ચીમનલાલ સવાઇચંદ તરફથી મળેલી આર્થિક સહાયવડે શ્રી વિજયભદ્રસૂરિના પ્રશિષ્ય મુનિરાજ શ્રી ચરણવિજયજીએ પ્રયાસવડે શુદ્ધ કરીને તેમજ કરાવીને બહાર પાડેલ છે. તેના અર્થી મુનિરાજને સદરહુ ગૃહસ્થો તરફથી ભેટ તરીકે મોકલવામાં આવે છે.

**૩૩-૩૪ શ્રી આત્મપ્રબોધ ગ્રંથ**—શ્રી જિનલાભસૂરિવિરચિત સંસ્કૃત ગદ્યબંધ તથા **શ્રી શ્રીચંદ્રકેવળી ચરિત્ર**-શ્રી સિદ્ધર્ષિવિરચિત સંસ્કૃત પદ્યબંધ. તેના અર્થી મુનિરાજને શ્રી શાહોર સંઘ તરફથી ભેટ મળે છે. અનુક્રમે કિંમત રૂા. ૧॥ ને કિંમત રૂા. ૧) છે. કિંમતથી મંગાવનારને અમારી સભામાંથી મળી શકશે.

**૩૫ ન્યાયખંડખાદ્ય**—અપરનામ મહાવીરસ્તવ પ્રકરણ-ઉપાધ્યાયજી શ્રી યશોવિ-જયજીવિરચિત. આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિકૃત મહાવીરસ્તવકલ્પલતિકા નામે વૃત્તિયુક્ત. પ્રકાશક શેઠ તારાચંદ મોતીજી-જાવાલનિવાસી. એના ચાર ભાગો પૈકી બે બે ભાગ અમદાવાદ ને સુરતના જુદા જુદા પ્રેસમાં છપાયેલા છે. ગ્રંથ અપૂર્વ છે. ન્યાયશાસ્ત્રના પૂરા અભ્યાસી જ સમજી શકે તેમ છે. તેની ઉપર નવી ટીકા રચવી તે મહામુશ્કેલ કાર્ય છે. પ્રથમ એ જ ગ્રંથ ઉપર ન્યાયપ્રભા નામની ટીકા આચાર્ય શ્રી વિજયનેમિસૂરિ મહારાજે રચેલી છપાયેલ છે. તે ટીકા પણ અત્યંત વિદ્વત્તાભરેલી છે.

**૩૬ શ્રી અષ્ટકપ્રકરણ**—શ્રી હરિભદ્રસૂરિવિરચિત-શ્રી અભયદેવસૂરિકૃત ટીકા અને શ્રીજિનેશ્વરસૂરિકૃત વિવૃત્તિયુક્ત. સંશોધક શ્રી વિજયોદયસૂરિ. પ્રકાશક શ્રી જૈન ગ્રંથપ્રકાશક સમિતિ-અમદાવાદ. કિંમત રાખી નથી.

**૩૭ શ્રી આવશ્યક સૂત્ર**—શ્રીમન્મલયગિરિજીસૂરિકૃત ટીકા અને શ્રી ભદ્રબાહુસ્વામી-કૃત નિર્યુક્તિયુક્ત, વિભાગ ૩ જો. કિં. રૂા. ૨-૦-૦ પ્રકાશક શ્રેષ્ઠી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ ગ્રંથાંક ૮૫. કાર્યવાહક જીવનચંદ સાકરચંદ ઝવેરી. આ ટીકા પ્રથમ સામાયિક આવશ્યકની અને બીજા ચતુર્વિંશતિ સ્તવ આવશ્યકની કુંથુનાથજી સુધીની છે. **संप्रत्यरः** એ છેલ્લો શબ્દ છે. ત્યારપછીનો ભાગ કોઇ પણ કારણથી અપૂર્ણ રહી ગયેલ જણાય છે. પ્રસિદ્ધકર્ત્તાએ લભ્ય ભાગ ત્રણ ભાગમાં સંપૂર્ણ પ્રસિદ્ધ કરેલ છે.

**૩૮ શ્રીભરતેશ્વરબાહુબલિવૃત્તિ**—શ્રી મુનિસુંદરસૂરિ શિષ્ય શ્રી શુભશીલગણિ-વિરચિત. વિભાગ ૨ જો. શ્રેષ્ઠી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રકાશક ઝવેરી જીવણચંદ સાકરચંદ. કિ. રૂ ૨) પ્રથમ વિભાગમાં શ્રીપ્રદ્યુમ્ન ચરિત્ર અપૂર્ણ રાખેલું તે આમાં પૂર્ણ કરી. બાકી રહેલા ત્યારપછીના સત્ત્વવંત પુરુષોના અને ત્યારપછી સત્ત્વવંત સ્ત્રીઓ ( સતીઓ )ના કુલ ચરિત્રો આપીને ગ્રંથ પૂર્ણ કરેલ છે. ભરહેસરની સજ્ઝાયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના નામ નથી એવી પાંચ સતીઓના ચરિત્રો પણ આપ્યા છે. શ્રીદેવી ને જયંતિની કથા મળેલ નહીં હોવાથી આપેલ નથી.

૩૯ શ્રી લોકપ્રકાશ—મૂળ વિભાગ ૪ થો. સર્ગ ૩૪-૩૫ કાળલોકના બાકી રહેલા તે. સર્ગ ૩૬ મો ભાવલોકનો, સર્ગ ૩૭ મો બીજક( અનુક્રમ )નો અને પ્રશસ્તિ આપીને આ શ્રી વિનયવિજયોપાધ્યાયકૃત અપૂર્વ ગ્રંથ પૂર્ણ કરેલો છે. (કિં. રૂ ૧) છે, પ્રકાશક વિગેરેના નામ ઉપર પ્રમાણે સમજવા.

૪૦ શ્રી પર્વકથા સંગ્રહ—સંપાદક સ્વ. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી. કિં. રૂા. ૦-૪-૦ શ્રીવિજયધર્મસૂરિજૈનગ્રંથમાળાના પુ. ૩૭ મા તરીકે પ્રકાશક દીપચંદ બાંઠીયા, ઉજ્જૈન (માળવા) આ પ્રતમાં જ્ઞાનપંચમી, મૌન એકાદશી અને પોસ દશમી–એ ત્રણ પર્વની સંસ્કૃત કથાઓ છે. અને પાછળ હોળીપ્રબંધ તથા હોળીરજપર્વપ્રબંધ આપેલ છે.

૪૧ શ્રી પર્યુષણાષ્ટાન્હિકા વ્યાખ્યાન (ભાષાંતર)—મૂળકર્તા શ્રી ઉદયસોમસૂરિ. ભાષાંતરકર્તા મુનિરાજશ્રી મણિવિજયજી. પ્રસિદ્ધ કરનાર શ્રી બોરૂસંઘ. ભેટ આપવામાં આવે છે.

૪૨ ચૌમાસી વ્યાખ્યાન ભાષાંતર તથા તેર કાઠીયાનું સ્વરૂપ—ચોમાસી વ્યાખ્યાનના કર્તા શ્રી ક્ષમાકલ્યાણક મહારાજ છે. ભાષાંતરકાર મુનિરાજ શ્રી મણિવિજયજી છે. પ્રકાશક શ્રી બોરૂ સંઘ છે. પૃષ્ઠ ૧ થી ૬૪.

તેર કાઠીયાનું સ્વરૂપ પ્રથમ લખાયેલ છે તેની ઉપરથી મુનિરાજ શ્રી મણિવિજયજીએ કાંઇક સુધારોવધારો કરીને તૈયાર કરેલું છે. પૃષ્ઠ ૬૫ થી ૯૧. તેના પ્રકાશક પણ બોરૂ સંઘ છે. બંનેની ભેળી પ્રત ભેટ આપે છે.

૪૩ શ્રી સમ્યક્ત્વ શુદ્ધિ વિષયે આરામનંદન કથા—સંસ્કૃત પદ્યબંધ પાના ૧૨ તથા પ્રસ્તાવિક દુહા સંગ્રહ જેમાં દુહા ૪૫૯ છે. પાના ૧૫ છે. સંગ્રાહક બંનેના મુનિરાજ શ્રી મણિવિજયજી છે. પ્રકાશક બોરૂ સંઘ. ભેટ મળે છે.

૪૪ શ્રી પંચસંગ્રહ-કર્મપ્રકૃત્યાત્મક વિભાગ ૨ જો—મૂળ શ્રી ચંદ્રર્ષિ મહત્તરકૃતસ્વોપજ્ઞવૃત્તિ તથા શ્રી મલયગિરિજી મહારાજકૃત વિસ્તૃત વૃત્તિયુક્ત. સાધ્વી તિલકશ્રીજી તરફથી ગુરુણીજી લાભશ્રીજી મારફત ભેટ મળી છે. શ્રી ડભોઇવાળા ખુબચંદ પાનાચંદને માત્ર રૂા. ૧॥ મોકલવાથી ભેટ મળે છે. અપૂર્વ ગ્રંથ છે. કર્મસંબંધી જ્ઞાન મેળવવાના ઇચ્છકને ખાસ લાભ લેવા લાયક છે.

( ગુર્જરગ્રંથરત્નકાર્યાલય તરફથી પ્રોપ્રાઇટર શંભુલાલ જગશીભાઇએ ભેટ મોકલેલ બુકો.)

૪૫ સોરઠ તારા વહેતા પાણી—કિં. રૂા. ૨-૮-૦. લેખક ઝવેરચંદ મેઘાણી. સોરઠના ૭૫ વર્ષના વાતાવરણ ઉપરથી બનતા પ્રસંગો લઇને ગોઠવેલ અપૂર્વ નોવેલ. ખાસ વાંચવા લાયક છે.

૪૬ રૂઢીના કલંક—કીં. રૂા. ૨-૮-૦ જૂની રૂઢીઓ સામે બંડ ઉઠાવી સામાજિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રાંતિનું દિશાસૂચન કરાવનાર લેખકની આ પ્રથમ જ કૃતિ હોવા છતાં પ્રયાસ પસંદ કરવા લાયક છે.

**૪૭ સ્રીપુરુષમર્યાદા**—કિં. પાંચ આના. લેખક કીશોરલાલ મશરૂવાળા. લેખક વિદ્વદ્વર્ગમાં પ્રસિદ્ધ છે. લેખમાં બંને બાજુને ન્યાય આપી છેવટ પોતાના અનુભવનો નિષ્કર્ષ આપેલો છે.

**૪૮ ઘર ભણી**—કિંમત રૂા. ૧–૮–૦ ' ઘરકા રાહ ' એ નામના હિંદી પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ છે. હરિજન વિગેરે પછાત કોમોના પ્રશ્નોને સારી રીતે ચર્ચ્યા છે. મૂળ લેખક શ્રી ઇન્દ્ર યુ. વસાવડા.

**૪૯ પ્રગતિશીલ જાપાન**—કિં. ૦–૧૨–૦ લેખક ત્રિભુવનદાસ લુહાર. પ્રાચીન ને અર્વાચીન જાપાનની હકીકતથી ભરપૂર આ બુક નવા અભ્યાસીને ખાસ ઉપયોગી તેમજ વાંચવા લાયક છે.

**૫૦ રમકડાં અને ૫૧ શિકાર કથાઓ**—કિં. છ અને આઠ આના. ગુર્જર બાળ-ગ્રંથાવળી શ્રેણિ ત્રીજીના પુષ્પ ૨–૩. બાળકના–કુમારોના હૃદયને સંતોષ આપે તેવું વિવિધરંગી આ પુસ્તક વધતાં જતા બાળસાહિત્યમાં સારો ઉમેરો કરે છે.

**૫૨ લખમી અને બીજી વાતો–૫૩ નરકેસરી નેપોલિયન**—કિંમત બે બે આના. ચિંતન, મનન અને વિચારપૂર્ણ સાહિત્યના સૃષ્ટા તરિકે જાણીતા થયેલા શ્રીયુત્ ધૂમકેતુની આ સસ્તી સાહિત્ય વાટિકાના પ્રથમ બે પુષ્પો બહાર પડ્યા છે. બંને પુસ્તકો વાંચવા લાયક છે.

## શ્રી ચિદાનંદજીકૃત પદ

અવધુ ખોલ નયન અબ જોવો, દગમુદ્રિત કયા સોવો ? અવધુ૦
મોહ નિંદ સોવત તેં ખોયા, સરવસ માલ અપાણા;
પાંચ ચોર અજહુ તોય લૂંટત, તાસ મરમ નહિ જાણા. અવધુ૦ ૧
મળી ચાર ચંડાલ ચોકડી, મંત્રી નામ ધરાયા;
પાઇ કેફ પિયાલા તોહે, સકલ મુલક ઠગ ખાયા. અવધુ૦ ૨
શત્રુ રાય મહાબલ જોદ્ધા, નિજ નિજ સેન સજાયે;
ગુણઠાણામેં બાંધ મોરચે, ઘેર્યો તુમ પુર આયે. અવધુ૦ ૩
પરમાદી તું હોય પિયારે, પરવશતા દુઃખ પાવે;
ગયા રાજ પુરુષારથસેંતી, ફિર પાછા ઘર આવે. અવધુ૦ ૪
સાંભળી વચન વિવેક મિત્તકા, છિનમેં નિજ બલ જોલા;
**ચિદાનંદ** ઐસી રમત રમંતા, બ્રહ્મ બંકા ગઢ તોલા. અવધુ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૪ ના માગશર માસની પત્રિકા નં. ૪૪

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ—પાલીતાણા.

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, મુનિવંદન વગેરે દરેક ક્રિયાઓ થયેલ છે. માગશર વદિ ૧૦ મે શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણના મહાન દિવસે બધા વિદ્યાર્થીઓએ ગિરિરાજ શ્રીશત્રુંજયની યાત્રા કરી હતી. માગશર શુદિ પાંચમે બધા વિદ્યાર્થીઓએ એકાસણા કર્યાં હતાં.

**મુલાકાતો**—વૈદ શાન્તિલાલ જમનાદાસ વડોદરા, શ્રી અંબાલાલભાઈ અણીદરા, શેઠ કપૂરચંદ હુકમાજી વડોદરા, શેઠ નાથાલાલ નાગરદાસ રાંધેજા, બેન મધુરીબેન રાધનપુર, શેઠ બાપુલાલ દલસુખભાઇ વડોદરા, શેઠ શેષમલજી વેલાજી બાબાગામ, શેઠ મોહનલાલ વાઘજીભાઈ ધોળવાળા કરાંચી, શેઠ મનુભાઈ લાલભાઇ મુંબઇ, શેઠ મગનલાલભાઇ જામનગર, શેઠ સુરેન્દ્રભાઇ કાળીદાસ અમદાવાદ, શેઠ રમણભાઇ લાલભાઈ અમદાવાદ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા ભાવનગર.

**ભેટ**—મુનિ મહારાજ શ્રી પ્રધાનવિજયજી તરફથી વ્યવહાર કૌશલ્ય ભાગ ૧-૨ તથા જૈનતત્ત્વપ્રવેશકજ્ઞાનમાળા.

## જમણવારો.

| | | |
|---|---|---|
| શેઠ નગીનદાસ કપૂરચંદ હા. રૂક્ષ્માણીબેન | સુરત | માગશર શુદિ ૨ |
| શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ | રાધનપુર | માગશર વદિ ૧૦ |

## માગશર માસની આવક.

| | | | |
|---|---|---|---|
| ૧૬૮-૪-૦ | શ્રીજનરલ નિર્વાહ ફંડખાતે | ૨૫૧-૦-૦ | શ્રીસ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ [ખાતે |
| ૮૪-૦-૦ | શ્રી ભોજન ફંડ ખાતે | ૧૨-૦-૦ | શ્રી દેરાસરજી ખાતે |
| ૧-૦-૦ | શ્રી કેળવણી ફંડ ખાતે | ૫૧૬-૪-૦ | |

## સમાજના દાનવીરોને—

હજુ મકાન ખાતે રૂા. ૮૫૦૦) તથા શ્રી દેરાસરજી ખાતે રૂા. ૪૦૦૦) નો તૂટો છે. તે રકમ સાધારણ ખાતે લેણી પડે છે તો સમાજના દાનવીરોને તે તૂટો પૂરો કરી આપવા અમારી નમ્ર વિનંતિ છે.

શ્રી સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડની તિથિઓ માત્ર ત્રણ જ મહિનાની ભરાણી છે અને હજુ નવ માસની તિથિઓ બાકી છે તો તે બાજુ સમાજના દાતાઓનું ધ્યાન ખેંચીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા તરફથી નવી છપાયેલી ભેટ આપવાની બુકો.

## શ્રી જૈનતત્ત્વપ્રવેશકજ્ઞાનમાળા.

વિભાગ ૧ લો, ૨ જો ( બેગા ) પૃષ્ઠ ૧૬૬

પહેલા વિભાગમાં ૧૦૮ પાઠ આપ્યા છે અને ચૈત્યવંદન ક્રિયાના સૂત્રો અર્થ સાથે આપેલા છે.

બીજા વિભાગમાં ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન વિગેરેનો સંગ્રહ છે.

પાકી સુંદર બંધાવેલી છે. પોસ્ટેજ રૂ. ૦-૧-૬

---

## છૂટાં વેરાયેલાં મોતી.

વિભાગ ૨ જો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૭૩૦

વિભાગ ૩ જો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૮૧૨

વિભાગ ૪ થો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૫૭૭

સંગ્રાહક મોતીલાલ નરોત્તમદાસ કાપડીયા ભાવનગર. ત્રણે વિભાગનું ભેળું પોસ્ટેજ રૂ. ૦-૧-૯

---

## સૂક્તમુક્તાવળી.

ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ચારે વર્ગ. પદ્યબંધ. અપૂર્વ સંગ્રહ. ડર પેજી પાકી બાંધેલી. પોસ્ટેજ રૂ. ૦-૦-૯.

ઉપર જણાવેલી પાંચે બુકો તે આરાધનાસૂત્ર સાથે પોસ્ટેજ પાંચ આના. વ્યવહાર-કૌશલ્યના બે ભાગ સાથે પોસ્ટેજ સાત આના. લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

## પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.

ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો, ગહુંળીઓ, છંદો, હરીયાળીઓ વિગેરેનો અપૂર્વ સંગ્રહ. પૃષ્ઠ ૨૭૬. પાકું કપડાવાળું સુંદર બાઇન્ડીંગ. સાધ્વીજી ઉત્તમશ્રીના ઉપદેશથી મળેલી આર્થિક સહાયથી છપાવી પ્રસિદ્ધ કરનાર શા. કુંવરજી આણંદજી-ભાવનગર.

કિંમત આઠ આના. પોસ્ટેજ ત્રણ આના.

મળવાનું ઠેકાણું શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## શ્રી પંચસંયત પ્રકરણ.

શ્રી ભગવતીસૂત્રના ૨૫ મા શતકના ૭ મા ઉદ્દેશા ઉપરથી પ્રશ્નોત્તરરૂપે નવું લખેલ મૂળ સાથે છપાવીને બહાર પાડ્યું છે.

ભેટ આપવાનું છે. પોસ્ટેજ સવા આનો.

**શ્રી આત્મપ્રબોધ ગ્રંથ:**—સંસ્કૃત ગદ્યબંધ—કિં. રૂ. ૧॥ પોસ્ટેજ સાત આના.

**શ્રી શ્રીચંદ કેવળી ચરિત્ર:**—સંસ્કૃત પદ્યબંધ. કિં. રૂ. ૧) પોસ્ટેજ પાંચ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

[ પ્રતિષ્ઠા વિધિ ]

( [illegible] [illegible] વિધિ )

પ્રતિષ્ઠાને લગતાં દરેક પૂજન તેમજ ક્રિયાઓનો સવિસ્તર વિધિ દર્શાવતો અને સંશોધન વગેરે સાથે શુદ્ધ [illegible] તૈયાર કરેલો અજોડ ગ્રંથ.

પ્રતિષ્ઠા પ્રસંગે કરવા પડતાં જુદી જુદી ખાસ વિધિઓ, મંત્રો તથા પૂજન અંગે પ્રતિષ્ઠાને અંગે ઉપયોગી દરેક [illegible] વિગત દર્શાવતાં અનેક પરિશિષ્ટો [illegible] આ ગ્રંથને દરેક રીતે [illegible] બનાવવામાં આવ્યો છે.

ઊંચી જાતના કાગળો, સુંદર છાપકામ છતાં

[illegible] રૂા. ૩–૮–૦ [ ટપાલ ખર્ચ ચાર આના

આ ગ્રંથ તુરતમાં જ પ્રગટ થશે.

**મળવાનાં ઠેકાણાં—**

**ભાવનગર**
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

**અમદાવાદ**
પોપટલાલ સાંકળચંદ શાહ
પંચભાઈની પોળ

---

શ્રીમાન્ ચંદ્રર્ષિ મહત્તરાચાર્યવિરચિત.

## શ્રી પંચસંગ્રહ પ્રથમ ભાગ.

શ્રી મલયગિરિજી મહારાજકૃત ટીકાના અનુવાદ સહિત

પ્રકાશક ને અનુવાદક

### પં. હીરાલાલ દેવચંદ વઢવાણવાળા

કિં. રૂા. ૪–૮–૦

આ બુક કર્મગ્રંથાદિ કર્મ સંબંધી ગ્રંથોના અભ્યાસી સાધુ–સાધ્વીઓને તેમજ સંસ્થાઓ વિગેરેને સદ્‌ગત મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજની ઇચ્છાનુસાર ભેટ આપવામાં આવશે. માત્ર પોસ્ટેજના નવ આના મોકલવા.

**ભેટ આપનાર–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

કિંમતથી મંગાવનારને રૂ. ૨૫ કમીશનથી એટલે ૩–૬–૦ થી સદરહુ સભા મારફત જ મળશે.

---

### શ્રી આરાધના સૂત્ર પયન્નો

અવચૂરિ– [illegible]

શ્રી વિનયવિજયોપાધ્યાય [illegible] પુન્યપ્રકાશનું સ્તવન.

[illegible]

[illegible] સાધુ, [illegible] ભેટ [illegible] પોસ્ટેજ નવ પાઈ મોકલવી.

For Private And Personal Use Only